પાના -૮, કિંમત રૂ.૨, તા. ૨૫-૦૮-૨૦૨૫-સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૨૨૨ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

## આજથી બે દિવસ વડાપ્રધાન ગુજરાતમાં સાંજે નિકોલમાં મોદીનો ભવ્ય રોડ શો

### અમદાવાદ, ગાંધીનગર, મહેસાણામાં કુલ ૫૪૭૭ કરોડના વિકાસ કામોનું લોકાપર્ણ-ખાતમુહુર્ત કરશે વડાપ્રધાન મોદી



અમદાવાદ, તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે બપોર બાદ ગુજરાતના બે દિવસના પ્રવાસે આવી રહ્યા છે. ત્રણથી વધુ કાર્યક્રમમાં હાજર રહીને ૫૪૦૦ કરોડથી વધુના પ્રોજેકટોનું ઉદઘાટન-ખાતમુહુર્ત કરશે.વડાપ્રધાનનાં આગમન વખતે જ વરસાદી માહોલને કારણે વહીવટીતંત્ર ઉંધા માથે થયુ છે.વડાપ્રધાન મોદી આજે બપોરે ચાર વાગ્યા બાદ અમદાવાદ આવી પહોંચશે. અમદાવાદ એરપોર્ટથી નિકોલ સુધી દોઢ કિલોમીટરનો રોડ-શો રાખવામાં આવ્યો છે. આ રૂટને શણગારવામાં આવ્યો છે. જયાં હજારો લોકો લોકલાડીલા નેતાને આવકારશે.નિકોલ-ખોડલધામ સુધીના આ રોડ-શો માટે રૂટ પર સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ખાસ સ્ટેજ શો તૈયાર કરવામાં આવ્યા છે. નિકોલમાં જ વડાપ્રધાનની જાહેરસભા પણ યોજાશે તેમાં હજારો લોકો હાજરી આપશે.આવતીકાલે મહેસાણાના હાંસલપુરમાં સુઝુકી મોટર્સનાં ઈવી (ઈલેક્ટ્રીક વ્હીકલ)ના બેટરી પ્લાન્ટનું ઉદઘાટન કરો.તેઓ કાલે બપોર સુધી ગુજરાતમાં રોકાણ કરશે.વડાપ્રધાનની બે દિવસની ગુજરાત મુલાકાતને પગલે લોખંડી સુરક્ષા પહેરો ગોઠવવામાં આવ્યો છે. ખાસ સુરક્ષા એકશન પ્લાન અમલી બનાવવામાં આવ્યો છે. આ સિવાય આજ સવારથી મેઘરાજાના આગમન સાથે વરસાદી માહોલ છવાયો હોવાના કારણોસર પણ વહીવટી તંત્ર ઉંધા માથે થયુ છે.બે દિવસના આ ગુજરાત પ્રવાસ દરમ્યાન વડાપ્રધાન મોદી અમદાવાદ, ગાંધીનગર તથા મહેસાણાનાં કાર્યક્રમમાં કુલ ૫૪૭૭ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ ખાતમુહુર્ત કરશે.

## ઉત્તરાખંડ, હિમાચલ, જમ્મુ-કાશ્મીર અને રાજસ્થાનમાં ભારે વરસાદ

### મુંબઈમાં પણ વહેલી સવારથી જોરદાર વરસતો વરસાદ

નવી દિલ્હી, તા. ૨૫

હવામાન વિભાગે આજે ઉત્તર ભારતના ચાર મુખ્ય રાજયો - રાજસ્થાન, જમ્મુ અને કાશ્મીર, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યુ છે. આ કારણે, રાજસ્થાનના ૧૩ જિલ્લાઓ, ઉત્તરાખંડના ૭ જિલ્લાઓ, હિમાચલના ૪ જિલ્લાઓ અને જમ્મુ વિભાગની તમામ સ્કૂલો આજે સોમવારે બંધ રહેશે. મુંબઈમાં આજે સવારથી જ ભારે વરસાદ પડી રહ્યો છે. અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે.જો આપણે આ ચાર રાજ્યોમાં વરસાદની સ્થિતિની વાત કરીએ તો, રાજસ્થાનના કોટા, બુંદી, સવાઈ માધોપુર, જયપુર સહિત ઘણા જિલ્લાઓમાં છેલ્લા ૩ દિવસથી સતત વરસાદ પડી રહ્યો છે. ભારે વરસાદ બાદ સવાઈ માધોપુરમાં લગભગ ૫૦ ફૂટ જમીન ધસી પડી હતી.હિમાચલમાં ભારે વરસાદને કારણે, બે નેશનલ હાઈવે સહિત ૪૮૪ રસ્તાઓ બંધ છે. બિલાસપુર, હમીરપુર, ઉના અને સોલનમાં તમામ શૈક્ષણિક સંસ્થાઓ બંધ કરવામાં આવી છે. ૨૦ જૂનથી ૨૪ ઓગસ્ટ સુધીમાં, ૭૭ અચાનક પૂર, ૪૦ વાદળ ફાટવાની ઘટનાઓ અને ૭૯ ભૂસ્ખલનની ઘટનાઓ બની છે.જમ્મુ વિભાગમાં ખરાબ હવામાન અને ભારે વરસાદને કારણે, શાળા શિક્ષણ નિયામક દ્વારા તમામ સરકારી અને ખાનગી સ્કૂલો બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખમાં ૨૫ ઓગસ્ટના રોજ યોજાનારી ધોરણ ૧૦ અને ૧૧ની પરીક્ષાઓ મુલતવી રાખવામાં આવી છે.મધ્યપ્રદેશમાં ભારે વરસાદ ચાલુ છે. ડિંડોરીમાં નર્મદા નદીમાં પૂર આવ્યું છે. મંડલામાં પણ નર્મદાના જળસ્તરમાં વધારો થવાને કારણે મહિષ્મતી ઘાટનો નાનો પુલ ડૂબી ગયો છે. સતનામાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. નીચાણવાળા વિસ્તારોમાં વસાહતો ડૂબી ગઈ છે.

યુપીમાં વરસાદને કારણે બંધ, નદી- નાળા છલકાઈ રહ્યા છે. અત્યાર સુધીમાં ૮ ડેમના દરવાજા ખોલવામાં આવ્યા છે. રવિવારે ચંદૌલીમાં ઘાઘરા નદી પર બનેલો મુસાહિબપુર ડેમ અચાનક તૂટી ગયો. જેના કારણે પાંચ ગામોમાં પાણી ઘૂસી ગયું છે. ફરુખાબાદમાં ગંગા ભયજનક નિશાનથી ઉપર વહી રહી છે. પંખિયાન ગામમાં, મુખ્ય કાર્યાલય સહિત ત્રણ ઘર ગંગામાં ડૂબી ગયા.

## દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા પર હુમલો પૂર્વ આયોજીત હતો

### રેખા ગુપ્તા પર છરીથી હુમલો કરવાની યોજના હોવાની રાજેશના મિત્ર તરસીન સૈયદની કબુલાત

નવી દિલ્હી, તા. ૨૫

દિલ્હીના મુખ્યમંત્રી પર હુમલાના કેસમાં પોલીસે મોટી કાર્યવાહી કરીને વધુ એક આરોપીની ધરપકડ કરી છે. ધરપકડ કરાયેલ આરોપીની ઓળખ રાજેશના મિત્ર તહસીન સૈયદ તરીકે થઈ છે. તે ગુજરાતનો રાજકોટનો રહેવાસી છે.પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, તહસીને મોટી કબૂલાત કરી છે. તપાસમાં ખુલાસો થયો છે કે રાજેશે મુખ્યમંત્રી પર છરીથી હુમલો કરવાની યોજના બનાવી હતી. તહસીને મુખ્ય આરોપીને પૈસા ટ્રાન્સફર કર્યા હતા. રાજેશ એ જ વ્યક્તિ છે જેણે મુખ્યમંત્રી પર સીધો હુમલો કર્યો હતો.બીજી ધરપકડ કેસને વધુ ગંભીર બનાવી રહી છે, કારણ કે તપાસમાં ખુલાસો થયો છે કે નવા આરોપીએ મુખ્ય કાવતરાખોર રાજેશને નાણાકીય મદદ પૂરી પાડી હતી.પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ધરપકડ કરાયેલા યુવકે રાજેશના બેંક ખાતામાં બે હજાર રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા, જેનાથી તેણે હુમલાની યોજનાને અંજામ આપવાની તૈયારી કરી હતી. પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ વ્યવહાર હુમલા પહેલા થયો હતો.

અનુસંધાન પાના ૭ પર

## ગુજરાત, યુપી ભાજપ પ્રમુખોના નામો નક્કી : ટૂંક સમયમાં જાહેરાત

નવી દિલ્હી, તા. ૨૫

લાંબા સમયથી વિલંબમાં રહેલા ભાજપના રાષ્ટ્રીયથી લઈને ગુજરાત સહિતના રાજયોના પ્રદેશ પ્રમુખોની નિયુક્તિમાં હવે સંસદનું ચોમાસુ સત્ર પુરુ થતા આ પ્રક્રિયા આગળ વધે તેવા સંકેત છે.ભાજપનો સંગઠન એજન્ડાની સાથે હવે બિહાર ચૂંટણી એજન્ડા પણ પ્રાયોરીટીમાં આવી ગયા છે તો ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી તા.૯ સપ્ટેમ્બરના યોજાશે. જો કે પક્ષે તેમાં હવે એનડીએના ઉમેદવાર પી.એસ.રાધાકૃષ્ણનનો વિજય નિશ્ચિત બને તે બાજી ગોઠવી છે અને તા.૯ના સાંજે નવા ઉપરાષ્ટ્રપતિ મળી જશે પણ તે શ્રાદ્ધ પક્ષમાં શપથ લેશે.હાલમાં જ રાજીનામું આપનાર પુર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ થોડા કલાકો માટે ભાજપને ચિંતામાં મુકી ગયા હતા પણ કોઈ ડેમેજ થાય તે પુર્વે જ પક્ષે ધનખડને રાજીનામું અપાવીને સમગ્ર પ્રકરણનો અંત લાવવામાં આવ્યો હતો. હવે ભાજપ તા.૭ સપ્ટેમ્બરથી શ્રાદ્ધ પક્ષ શરૂ થાય છે તે પુર્વે ગુજરાત સહિતના રાજયોના પ્રદેશ પ્રમુખ અને રાષ્ટ્રીય પ્રમુખ નિશ્ચિત કરી લે તેવી શકયતા છે.પક્ષના સૂત્રોના જણાવ્યા મુજબ હવે વધુ સમય નથી. બિહાર જ નહી ગુજરાત-મહારાષ્ટ્ર જેવા રાજયોમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી આવી રહી છે અને ઉતરપ્રદેશ

અનુસંધાન પાના ૭ પર

## બુલંદશહરમાં ટ્રેક્ટર અને કન્ટેનર અથડાતા ૮નાં મોત

### ગોગાંમેંડી જતાં ભક્તોને નડેલાં અકસ્માતમાં ૪૩ લોકો ઘાયલ

નવી દિલ્હી, તા. ૨૫

ઉત્તરપ્રદેશના બુલંદશહેરમાં એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. નેશનલ હાઈવે નંબર ૩૪ પર ઘટાલ ગામ નજીક કાસગંજથી રાજસ્થાનના ગોગામેડી જતા ગોગાજીના ભક્તોના ટ્રેક્ટરને એક કન્ટેનરને એટલી ભયાનક ટક્કર મારી કે ઘટનાસ્થળે જ ૮ લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે આ અકસ્માતમાં ૪૩ અન્ય લોકો ઈજાગ્રસ્ત થયા હતા. બુલંદશહેરના એસએસપી દિનેશ કુમાર સિંહના જણાવ્યાનુસાર ટ્રેક્ટરમાં ૫૦ થી ૬૦ શ્રદ્ધાળુઓ મુસાફરી કરી રહ્યા હતા. આ લોકો કાસગંજથી જાહરવીર(ગોગાજી)ના દર્શને ગોગામેડી રાજસ્થાન જઈ રહ્યા હતા.એ સમયે જ આ દુર્ઘટના સર્જાઈ હતી. બુલંદશહેર ગ્રામીણ

અનુસંધાન પાના ૭ પર



# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પ્લેટિનમ હોલ ખાતે 'ચલો ઝિમ્બાબ્વે' કાર્યક્રમ યોજાયો

## સુરતના ઉદ્યોગ સાહસિકો, વેપારીઓ અને પ્રોફેશનલ્સ સાથે સીધો સંવાદ કરતા ડો.ચિવેન્ગા

સુરત, તા.૨૫

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના આમંત્રણને પગલે ઝિમ્બાબ્વેના ઉપરાષ્ટ્રપતિ મહામહિમ જનરલ (નિવૃત્ત) ડૉ. સી.જી.ડી.એન. ચિવેન્ગા, તેમનાં ધર્મપત્ની, ઝિમ્બાબ્વેના કેબિનેટ મંત્રી માનનીય શ્રી રાજ મોદી (નાયબ મંત્રી- ઉદ્યોગ અને વાણિજ્ય) અને શ્રી ટૉંગાઈ માફીદી મનાંગાગ્વા (નાયબ મંત્રી – પર્યટન અને આતિથ્ય સત્કાર), ઝિમ્બાબ્વેના એમ્બેસેડર માનનીય શ્રીમતી સ્ટેલા શ્રીમતી સ્ટેલા એનકોમો અને ટોચના સચિવો સાથેનું સુરત પધારેલ પ્રતિનિધિમંડળ તા. ૨૩ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે, પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત 'ચલો ઝિમ્બાબ્વે' કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યું હતું, જેમાં ઝિમ્બાબ્વેના વાઈસ પ્રેસિડેન્ટે સુરતના ઉદ્યોગ સાહસિકો, વેપારીઓ અને પ્રોફેશનલ્સની સાથે સીધો સંવાદ સાધ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, 'ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે ૧૯૮૦ થી વેપાર અને સહકારના ઐતિહાસિક સંબંધો છે. હાલમાં ભારત-ઝિમ્બાબ્વે વચ્ચેનો વેપાર યુ.એસ. ડોલર ૧૫૦ થી ૨૦૦ મિલિયન જેટલો છે. ૨૦૨૪માં માત્ર ફાર્માસ્યુટિકલ્સ ક્ષેત્રમાં જ ભારતે યુ.એસ. ડોલર ૬૨ મિલિયનનો નિકાસ ઝિમ્બાબ્વે તરફ કર્યો છે. ITEC પ્રોગ્રામ અને ICCR સ્કોલરશિપ દ્વારા ભારત ઝિમ્બાબ્વેને તાલીમ અને શિક્ષણક્ષેત્રે સતત સહાય પૂરી પાડે છે. ભારત એ ઝિમ્બાબ્વેમાં યુ.એસ. ડોલર યુ.એસ.ડોલર ૦૫ મિલિયનની ગ્રાન્ટ હેઠળ ૧૭ ઈન્ડો–ઝિમ ટેક્નોલોજી સેન્ટર્સ સ્થાપ્યા છે, જે SME અને વ્યાવસાયિક તાલીમ માટે અદ્યતન સાધનો અને સુવિધાઓ પૂરી પાડે છે. ૨૦૨૪ માં ભારતે ઝિમ્બાબ્વેથી યુ.એસ. ડોલર ૪૬.૬ મિલિયનનો તમાકુ, યુ.એસ. ડોલર ૯.૩ મિલિયનનો લોહ–સ્ટીલ અને યુ.એસ. ડોલર ૮૭.૪ મિલિયનના મોતી, રત્નો અને કિંમતી પથ્થરોની આયાત કરી છે, જે સીધી સુરતના હીરા–જ્વેલરી ઉદ્યોગ તેમજ કૃષિ પ્રોસેસિંગ અને એન્જિનિયરિંગ ક્ષેત્રોને પૂરક છે.'

ઝિમ્બાબ્વેના ઉપરાષ્ટ્રપતિ મહામહિમ જનરલ (નિવૃત્ત) ડૉ. સી.જી.ડી.એન. ચિવેન્ગાએ જણાવ્યું હતું કે, 'ભારત અને ઝિમ્બાબ્વેના આર્થિક સંબંધોમાં ઐતિહાસિક મોરચે મહત્વપૂર્ણ છે. ઝિમ્બાબ્વે Vision ૨૦૩૦ અંતર્ગત અપર-મિડલ-ઈનકમવાળું અર્થતંત્ર બનવા માટે પ્રતિબદ્ધ છે. કુદરતી સંસાધનોની

અનુસંધાન પાના ૭ પર

# સિવાણ રોડ પર અજાણ્યા વાહન અડફેટે શ્રમિકનું મોત

## સિવાણ કરિયાણું લઈને પરત ફરતા શ્રમિક મૃત્યુ પામ્યો

સુરત, તા.૨૫

ઓલપાડઃ-અનાજ કરિયાણું ખરીદી પોતાની રૂમ ઉપર જઈ રહેલ રાજસ્થાની શ્રમિકને સાયણ-સિવાણ રોડ ઉપર મોટી નહેર પાસે કોઈ અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતાં સર્જાયેલા અકસ્માતમાં તેને મોત ભેટી ગયું છે. મુળ રાજસ્થાન રાજ્યના બાસવાડા જિલ્લાનો શ્રમિક સોહન ખાતુ સારેલ(ઉ.વ.૩૬)હાલમાં ઓલપાડ તાલુકાના સિવાણ ગામની સીમમાં આવેલ ગોદાવરી ઈન્ડ્રસ્ટ્રીઝ એસ્ટેટની રૂમમાં રહી ત્યાં મજુરી કામ કરતો હતો.ગત શુક્રવાર,તા.૨૨ના રોજ સોહન સાયણ વાય સર્કલ નજીકની દુકાનેથી અનાજ કરિયાણું ખરીદીને પોતાની રૂમ ઉપર પગપાળા પરત ફરી રહ્યો હતો,ત્યારે મોડી સાંજે-૭:૩૦ કલાકના સુમારે સિવાણ રોડ ઉપર મોટી નહેર પાસે કોઈ અજાણ્યા વાહન ચાલકે તેને ટક્કર મારતા સોહન રોડ ઉપર પટકાયો હતો.જેથી સર્જાયેલા અકસ્માતમાં સોહનને માથાના ભાગે ગંભીર ઈજા થતા તેનું ઘટના સ્થળે પ્રાણ પંખીડું ઉડી ગયું હતું.જો કે વાહન ચાલક અકસ્માત સર્જી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. આ બાબતે મૃતકના નાના ભાઈ રમેશ સારેલે ઓલપાડ પોલીસ મથકમાં અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવી છે કે,કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી હંકારી સોહનને ટક્કર મારતા તેનું મોત થયું છે.જેના પગલે પોલીસે કાયદેસર નો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



# થેલેસેમિયા દર્દીઓ માટે ક્રૃભકો અને શહેર પોલીસ દ્વારા રક્તદાન

## રક્તદાન શિબિરમાં ૧૬૦ યુનિટ રક્ત એકત્ર કરાયું

સુરત, તા.૨૫

થેલેસેમિયા દર્દીઓ માટે રક્તદાન અભિયાનના પ્રસંગે, KRIBHCO અને સુરત શહેર પોલીસ દ્વારા સંયુક્ત રીતે આયોજિત, ૨૩.૦૮.૨૦૨૫ ના રોજ સુરતના ક્રિભકો નગર સ્થિત સમાજ સદન હોલ ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સેંકડો સહભાગીઓમાં KRIBHCO કર્મચારીઓ, સુરક્ષા કર્મચારીઓ, ઈચ્છાપોર પોલીસ સ્ટાફ, KRIBHCO ગણેશ મંડળના યુવાનો અને સુરત એરપોર્ટના CISF કર્મચારીઓનો સમાવેશ થતો હતો, જે બધા આ ઉમદા કાર્યમાં યોગદાન આપી રહ્યા હતા. આ અભિયાન દરમિયાન ૧૬૦ થી વધુ યુનિટ રક્તદાન કરવામાં આવ્યું હતું. કિરણ હોસ્પિટલ, સુરત દ્વારા આ કાર્યક્રમ માટે જરૂરી તમામ તબીબી સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી. આવી પહેલ માટે કૃતજ્ઞતા વ્યક્ત કરવા અને રક્તદાતાઓને વધુ પ્રોત્સાહિત કરવા માટે, KRIBHCO દ્વારા રક્તદાન પ્રમાણપત્રો સાથે પોષક ખોરાકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્લાન્ટ હેડ શ્રી પી. ચંદ્ર મોહન, ઈચ્છાપોર પોલીસ ઈન્સ્પેક્ટર, તેમના સ્ટાફ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.





# કોબા પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણી

સુરત, તા.૨૫

ઓલપાડઃ-ઓલપાડ તાલુકાની જિલ્લા પંચાયત હસ્તકની કોબા પ્રાથમિક શાળામાં આજરોજ રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી.આ પ્રસંગે શિક્ષકોએ અવકાશ વિજ્ઞાનનાં મહત્વ તથા ભારતીય અવકાશ મિશનો વિશે બાળકોને રસપ્રદ માહિતી આપી હતી.આ વિશેષ દિવસની ઉજવણીનાં ભાગરૂપે બાળકો માટે ચિત્રકલા,મોડેલ પ્રદર્શન જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. બાળકો દ્વારા બનાવેલા રોકેટ, ઉપગ્રહ અને ગ્રહોનાં મોડેલો આકર્ષણરૂપ બન્યા હતાં. શાળાનાં આચાર્ય ધર્મેન્દ્ર પટેલ દ્વારા વિદ્યાર્થીઓને સંશોધન અને વિજ્ઞાન ક્ષેત્રે આગળ વધવા માટે પ્રેરણા આપવામાં આવી હતી.અંતમાં વિજેતા બાળકોને પુરસ્કાર એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં.એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

# ક્રોધ એ અગ્નિ છે જે બીજાને નહી પરંતુ પોતાને બાળે છેઃ બ્રહ્માકુમારી તૃપ્તિબેન

## ખુદ પરનો ભરોસો એ જ શાંતિનો આત્મા છે : કાનજી ભાલાળા



સુરત, તા.૨૫

જીવનના ઘડતર માટે શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી દર ગુરૂવારે હેલ્થ, વેલ્થ અને હેપ્પીનેસને કેન્દ્રમાં રાખી વિચારોનું વાવેતર કરવામાં આવે છે. તા. ૨૧-૦૮-૨૦૨૫ ના રોજ જમનાબા ભવન ખાતે યોજાયેલ ૧૨૪ માં થર્સ-ડે થોર્ટ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે, જીવનનું અંતિમ લક્ષ ખુશી છે પરંતુ ખુશી પછીનું એક સ્થાન છે તે પરમ શાંતિ, પરમ શાંતિને પામવા માટે મનને સમજવું પડે અને જીવનને ઘડવું પડે છે. માણસ માત્રાની અપેક્ષિત સ્થિતિ શાંતિ છે. ખુશી અને શાંતિ વચ્ચેના તફાવત સમજાવતા જણાવ્યું હતું કે, ખુશીએ જીવનની લાગણી છે. લાગણીનો એક પ્રકાર છે. જ્યારે શાંતિએ મનની સ્થિતિ છે. જેમાં જીવનમાં ઉર્ઝા પ્રાપ્ત થાય છે. પોઝીટીવ વિચાર હંમેશા શાંતિ આપે છે. જ્યારે નેગેટીવ વિચાર હંમેશા અશાંતિ આપે છે. આજે માણસ પાસે બધું જ છે પરંતુ શાંતિ નથી, તમામ પ્રશ્નો અને સમસ્યાઓનું કારણ મનની અશાંતિ છે. શાંતિ નથી એટલે ખુશી નથી. ખુશી નથી પરિણામે પ્રગતિ નથી. તેમણે નવો વિચાર આપતા જણાવ્યું હતું કે, શાંતિ એ જીવનને ઉર્ઝા આપે છે. જે પ્રગતિ અને ખુશીનો આધાર છે. ચિંતા, ડર, ક્રોધ અને અહંકાર એ અશાંતિના સર્જકો છે. ખોરાક, સંભળાવુ, જોવુ અને અનુભવવુ તે મનનો સ્વભાવ ઘડે છે. શરીર એક કેમિકલ ફેક્ટરી છે તેમાં કોઈ પણ ઉમેરો એટલે તેની અસર મન અને શરીરને થાય છે. પ્રાર્થના,

અનુસંધાન પાના ૭ પર

# ભગવા પ્રાથમિક શાળાનાં શિક્ષક ગિરીશ પટેલ પ્રતિભાશાળી શિક્ષક તરીકે સન્માનિત

સુરત, તા.૨૫

રાજ્યનાં શિક્ષણ વિભાગની એક આવકારદાયક યોજના અન્વયે પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર આપવા માટે સમગ્ર રાજ્યનાં દરેક કલસ્ટર દીઠ એક શિક્ષકની પસંદગી કરવાની હોય છે. યોજના અન્વયે વર્ષ ૨૦૨૫/૨૬ નાં વર્ષ માટે તાલુકાનાં ક્લસ્ટર દીઠ એક પ્રતિભાશાળી શિક્ષકની પસંદગી તેનાં નવાચાર, શૈક્ષણિક સિધ્ધિ જેવાં માપદંડોને આધારે કરવામાં આવી હતી. જેમાં ઓલપાડ તાલુકાનાં ક્લસ્ટર રિસોર્સ સેન્ટર, કરંજ સંલગ્ન પ્રાથમિક શાળા, ભગવાનાં ઉપશિક્ષક ગિરીશભાઈ ઉત્તમભાઈ પટેલની પસંદગી થવા પામી હતી.

આ કર્તવ્યનિષ્ઠ શિક્ષકને સ્વાતંત્ર્ય દિવસનાં શુભ અવસરે રાજ્યનાં શિક્ષણ વિભાગ દ્વારા મળેલ 'પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર' ઓલપાડનાં

અનુસંધાન પાના ૭ પર



શ્રાવણ અમાસની રાત્રે પાલનપુર પાટીયા સ્થિત તપ્તેશ્વર મહાદેવ મંદિરમાં ભગવાન શિવને પ્રિય ભસ્મ આરતી દ્વારા અભિષેક કરાયો હતો. આરતીમાં 'બમ બમ ભોલે'ના નાદ સાથે મંદિર પરિસરમાં આધ્યાત્મિક દિવ્ય ઉજાસ છવાઈ ગયો, જ્યાં ભક્તોએ શિવજીના દિવ્ય રૂપના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.

# વંદે ભારત એક્સપ્રેસને નવસારીનું સ્ટોપેજ મળ્યું

નવસારી, તા.૨૫

નવસારી જિલ્લાના દુધિયા તળાવ વિસ્તારમાં રહેતા સાગરભાઈ દેસાઈ તથા તેમના મિત્રો વર્ષોથી ડાયમંડ અને રિયલ એસ્ટેટના વેપાર સાથે જોડાયેલા છે. વ્યવસાય હેતુએ દર અઠવાડિયે તેમને મુંબઈ જવું પડે છે. અગાઉ તેમને સુરત અથવા વલસાડ પહોંચીને ત્યાંથી ટ્રેન દ્વારા મુસાફરી કરવી પડતી હતી. હવે નવસારીમાં સીધું વંદે ભારત એક્સપ્રેસનું સ્ટોપેજ મળતા વેપારી વર્ગને મોટી રાહત મલી છે. સાગરભાઈએ આ બાબતે ખુશીવ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ સુવિધાથી મુંબઈ આવજાવ વધુ ઝડપી, આરામદાયક તથા સમયની બચતવાળી બની રહેશે, જેના કારણે તેમના વેપાર કાર્યોમાં સુલભતા આવશે. પેહલા સુરત કે વલસાડ થઈને આ ટ્રેનમાં મુસાફરી કરતા હતા નવસારી માં સ્ટોપજ મળતા સમય બચશે. જેના માટે સૌ વેપારી વર્ગ તરફથી સરકારશ્રીનો ખુબ ખુબ આભાર માન્યો હતો.



# લાયન્સ ક્લબ ઝોન-૨ની એડવાઈઝરી બેઠક યોજાઈ

## લાયન સેવા પ્રવૃત્તિ અંગે વિસ્તૃત ચર્ચા

સુરત, તા.૨૫

લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ડીસ્ટ્રિક્ટ ૩૨૩૨ બી૧ રીઝન ૨ ના ઝોન ૨માં પ્રથમ ઝોન એડવાઈઝરી મીટિંગ તારીખ ૨૩/૦૮/૨૦૨૫ ને શનિવારના રોજ હોટેલ રોયલ પેલેસ મુકામે ઝોન ચેરમેને લાયન ભાવિન પરમારની આગેવાની હેઠળ સફળતાપૂર્વક યોજાઈ હતી. આ મીટિંગમાં ઝોન ૨ના તમામ લાયન્સ ક્લબોના પ્રમુખશ્રીઓ, સેક્રેટરીશ્રીઓ, ટ્રેઝરરશ્રીઓ તથા ડીસ્ટ્રિક્ટ ચેરમેનશ્રીઓએ ઉપસ્થિત રહી સર્વે લાયન સેવા પ્રવૃત્તિઓ અંગે ચર્ચા કરી. ઝોન ચેરમેન લાયન ભાવિન પરમારે જણાવ્યુ કે, "આ મીટિંગમાં આપ સૌના ઉપસ્થિત સહયોગ માટે હૃદયથી આભાર વ્યક્ત કરું છું. સમાજમાં લાયન્સ દ્વારા અન્નદાન, ડાયાબિટીસ જાગૃતિ, બ્લડ ડોનેશન કેમ્પ, જીવદયા, લાયન્સ કવેશટ અને અન્ય સેવાના ક્ષેત્રે થતી કામગીરી અત્યંત અસરકારક સાબિત થઈ રહી છે." વિશેષ આમંત્રણ પામેલા મહાનુભાવોમાં ડીસ્ટ્રિક્ટ ગવર્નર લાયન પ્રકાશભાઈ

અનુસંધાન પાના ૭ પર

# સાંધીએર ખાતે મળેલી બેઠકમાં પાવરગ્રીડનો ખેડૂતો દ્વારા વિરોધ

## પાવર ગ્રીડ લાઈન ખેતરોમાંથી પસાર નહિ થવા દેવા ખેડૂતો મક્કમ



સુરત, તા.૨૫

પાવર ગ્રીડ કોર્પોરેશન લિમિટેડ દ્વારા પાવરગ્રીડ છેતરપિંડી સામે દક્ષિણ ગુજરાતના જિલ્લાઓના જે ગામડાઓમાંથી હાઈ ટેન્શન લાઈન પસાર થનાર છે તે અંગે અસરગ્રસ્ત ખેડૂતોની એક અગત્યની બેઠક ઓલપાડ તાલુકાના સાંધીએર ગામે યોજાઈ હતી. આ બેઠકમાં સરકાર માલેતુજારોની સરકાર હોવાની વાતો કરી ખેડૂત અગ્રણીઓ દ્વારા પ્રહાર કરવામાં આવ્યા હતા. આગામી તા.૩૧મીએ કામરેજ ખાતે બેઠક યોજી આગામી દિવસોમાં મોટું ખેડૂત સંમેલન યોજી કોઈપણ સંજોગોમાં પાવર ગ્રીડ લાઈન ખેડૂતોના ખેતરોમાંથી પસાર નહિ થવા દેવા માટે મક્કમ રહેવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

સાંધીએર ખાતેની બેઠકમાં સુરત જિલ્લાના કામરેજ, પલસાણા, બારડોલી સહિતના તાલુકાના અસરગ્રસ્ત ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં મોટી સંખ્યામાં સહકારી, શૈક્ષણિક, સામાજિક તેમજ તબીબી આગેવાનો પણ હાજર રહ્યા હતા. સૌ આગેવાનોએ પાવરગ્રીડ અને સરકારની ખેડૂત વિરોધી નીતિને વખોડી કાઢી હતી. આ પ્રસંગે દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ રમેશ પટેલે પ્રેરક ઉદબોધન કર્યું હતું. ખેડૂતોના પ્રશ્ને અંતિમ શ્વાસ સુધી લડી લેવાની તેમણે વાત કરી હતી. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ જયેશ પટેલે(પાલ) પાવરગ્રીડ લાઈન મુદ્દે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું કે, આ સરકાર માલેતુજારોની સરકાર છે. આવનાર દિવસોમાં ઓલપાડ તાલુકામાં કુલ ૮ લાઈનો જનાર છે. જે કોઈ પણ

અનુસંધાન પાના ૭ પર

# પરવત પાટિયા બ્રહ્માકુમારી સેન્ટર દ્વારા રક્તદાન શિબિર યોજાયો



## રાજયોગિનીદાદા પ્રકાશમણીજીની પુણ્યતિથિ નિમિત્તે દેશભરમાં રક્તદાન કેમ્પો યોજાયા

સુરત, તા.૨૫

રાજયોગિની દાદી પ્રકાશ મણીજીની ૧૮મી પુણ્યતિથિના પાવન અવસરે વિશ્વ ભાઈચારો દિવસ નિમિત્તે બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા સમગ્ર ભારતભરના હજારો કેન્દ્રોમાં વિશાળ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ રાષ્ટ્રીય સ્તરના અભિયાન અંતર્ગત લાખો યુનિટ રક્ત એકત્રિત કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે, જેથી જરૂરિયાતમંદોને સમયસર જીવનદાયી સહાય મળી શકે. આ શ્રેણીમાં સુરતના પરવત પાટિયા બ્રહ્માકુમારી સેન્ટર દ્વારા પણ એક વિશાળ રક્તદાન કેમ્પનું સફળ આયોજન થયું. કાર્યક્રમનો શુભારંભ દીપ પ્રજ્વલન સાથે થયો, જેનું ઉદ્ઘાટન ડૉ. રવિન્દ્ર પાટીલ (ઉપાધ્યક્ષ – ભારત ભારતી, ગુજરાત પ્રાંત અને ભૂતપૂર્વ ઉપમહાપૌર, સુરત), ડૉ. પ્રફુલ

અનુસંધાન પાના ૭ પર



ટ્રેવેરા ટેલર્સ અને ફિઝિયો ક્લિનિકના ડો.ભગવાકરના સ્વ. પિતાશ્રી ધનસુખ અમરતાલ ભગવાકરની પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિ નિમિત્તે પરિવાર દ્વારા સ્વામીવિવેકાનંદના સહયોગથી નેત્ર મંદિરના સહયોગથી ફ્રી નેત્ર નિદાન શિબિર અને રક્તદાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ૧૨ દેશોમાંથી ભારતીયો સીમ વગર યુપીઆઈ વાપરી શકશે

## આંતરરાષ્ટ્રીય મોબાઇલ નંબરો ધરાવતા NRE/NRO ખાતાઓ માટે શરૂ

સુરત, તા.૨૫

મુંબઈ, XX ઓગસ્ટ, ૨૦૨૫: ભારતની સૌથી મોટી સ્મોલ ફાઈનાન્સ બેંક, છેં સ્મોલ ફાઈનાન્સ બેંક (AU SFB) એ તેના નોન-રેસિડેન્ટ એક્સટર્નલ (NRE) અને નોન- રેસિડેન્ટ ઓર્ડિનરી (NRO) ખાતા ધારકો માટે આંતરરાષ્ટ્રીય મોબાઈલ નંબરો ધરાવતા યુનિફાઇડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (ઁ) સેવાઓ શરૂ કરી છે. આ રોલ આઉટનેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના નિર્દેશને અનુસરે છે જે આંતરરાષ્ટ્રીય મોબાઈલ નંબરો દ્વારાઁ વ્યવહારોને મંજૂરી આપે છે. આ વધારા સાથે, ઓસ્ટ્રેલિયા, કેનેડા, ફ્રાન્સ, હોંગકોંગ, મલેશિયા, ઓમાન, કતાર, સાઉદી અરેબિયા, સિંગાપોર, યુએઈ, યુકે અને યુએસએ સહિત ૧૨ દેશોમાં બિન-નિવાસી ભારતીયો (NRIs) હવે ભારતીય સિમ કાર્ડ વિના દ્ર્ઈઈ/NRO એકાઉન્ટ્સને UPI સાથે લિંક કરી શકશે. તે છેં SFB ના ગ્રાહકોને ભારતમાં બિલ ચુકવણી, મની ટ્રાન્સફર અને વેપારી ખરીદી સહિત વિવિધ વ્યવહારો માટે સીમલેસ, સુરક્ષિત અને રીઅલ-ટાઈમ ચુકવણી કરવા સક્ષમ બનાવશે. છેં SFB ના અમલીકરણ સાથે, લાયક દ્ર્ઐ ગ્રાહકો તેમના આંતરરાષ્ટ્રીય નંબરોનો ઉપયોગ કરીને UPI માટે નોંધણી કરાવી શકે છે.


### ઈ.સ. ૧૯૪૨માં હિંદ છોડો આંદોલન વખતે

# સુરતના હિન્દુ મિલન મંદિરમાં સૌપ્રથમ ગણપતિ મહોત્સવ યોજાયો હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૩**

સુરત શહેરનું નામ આજે ઉદ્યોગ, વેપાર અને આધુનિકતાથી ઓળખાય છે, પરંતુ આ શહેરની સંસ્કૃતિ, ધાર્મિક પરંપરાઓ અને સામાજિક એકતાની પાછળ લાંબો ઇતિહાસ છુપાયેલો છે. સુરતના જૂના વિસ્તારોમાં એક એવા પવિત્ર અને ઐતિહાસિક સ્થળનું નામ છે – ગોપીપુરા હિંદુ મિલન મંદિર. આ સ્થળ માત્ર મંદિર જ નથી, પરંતુ અહીંથી જ સુરતમાં સર્વજનિક ગણેશોત્સવની શરૂઆત થઈ હતી.

### સ્વતંત્રતા સંઘર્ષ અને સર્વજનિક ગણેશોત્સવની શરૂઆત



ભારતના સ્વતંત્રતા આંદોલન દરમિયાન દેશભરમાં અંગ્રેજ સરકારના વિરોધમાં વિવિધ સામાજિક અને સાંસ્કૃતિક આંદોલનો થઈ રહ્યા હતા. મહારાષ્ટ્રમાં લોકમાન્ય બાલ ગંગાધર ટીલકએ ૧૮૯૩માં ગણેશોત્સવને જાહેર ઉત્સવ તરીકે ઉજવવાની શરૂઆત કરી હતી. તેમનું ધ્યેય માત્ર ધાર્મિક જ નહોતું, પરંતુ સામાજિક એકતા, દેશભક્તિ અને સ્વરાજ્યના સંદેશને લોકો સુધી પહોંચાડવાનો હતો.

આ જ પ્રેરણા બાદમાં ગુજરાતમાં પણ આવી. સુરતના ગોપીપુરા વિસ્તારના કેટલાક આગ્રહીઓએ વિચાર્યું કે આ ઉત્સવ માત્ર ઘેર સુધી મર્યાદિત ન રહે, પરંતુ સમૂહિક રીતે ઉજવવો જોઈએ. પરિણામે, ૧૯૪૨ના આસપાસ ગોપીપુરા હિંદુ મિલન મંદિર ખાતે સૌપ્રથમ વાર જાહેર (સર્વજનિક) રીતે ગણેશજીની સ્થાપના થઈ.

### ગોપીપુરા હિંદુ મિલન મંદિર, સ્થાપના અને નામનો અર્થ

"હિંદુ મિલન મંદિર" નામ પોતે જ એક સંદેશ આપે છે – મિલન એટલે એકતા. આ મંદિરની સ્થાપના પાછળનો મુખ્ય ઉદ્દેશ સમુદાયના લોકોને એક સાથે લાવવાનો હતો. જુદા જુદા વર્ગ, જાતિ અને પરંપરાના લોકો એક જ છત નીચે ભેગા થઈ શકે અને ધાર્મિક તેમજ સાંસ્કૃતિક ઉત્સવોને સામૂહિક રીતે ઉજવી શકે, તે માટે આ સ્થળે મંદિરની રચના કરવામાં આવી હતી. ગોપીપુરા વિસ્તાર એ સમયે સુરતના પ્રાચીન હૃદયસ્થળ તરીકે ઓળખાતો. અહીં હિંદુ સમાજની વસ્તી મોટી સંખ્યામાં હતી અને લોકો સામાજિક કાર્યમાં સક્રિય હતા. તેથી, આ સ્થાનને સાર્વજનિક ગણેશોત્સવની પ્રથમ સ્થાપન માટે પસંદ કરવામાં આવ્યું હતું. ઈ.સ. ૧૯૪૨માં જ્યારે સમગ્ર દેશ "ભારત છોડો આંદોલન"ના જ્વાળામાં ઝળહળતો હતો, ત્યારે ગોપીપુરા હિંદુ મિલન મંદિરે ગણેશોત્સવની શરૂઆત થઈ હતી. તે વખતે ઉત્સવ બહુ ભવ્ય ન હતો, પરંતુ લોકઉત્સાહ અસાધારણ હતો. મંદિરના આંગણામાં માટીના ગણેશજીની મૂર્તિ સ્થાપી, ભજન-કીર્તન, પ્રવચન અને દેશભક્તિ ગીતોનું આયોજન કરવામાં આવતું. આ પ્રસંગે સમાજના મોટા-નાના, સ્ત્રી-પુરુષ અને બાળકો સૌ કોઈ એકસાથે જોડાતા.

### ઉત્સવના માધ્યમથી સામાજિક સંદેશો

સમય જતાં સુરત શહેરના વિવિધ વિસ્તારોમાં ગણેશોત્સવ ઉજવાતા થયા, પરંતુ ગોપીપુરાનું નામ હંમેશા ખાસ રહ્યું કારણ કે આ હતું સુરતનું સૌથી જૂનું સાર્વજનિક ગણપતિ પંડાલ. લોકો માનવા લાગ્યા કે અહીં સ્થાપિત ગણેશજીની આરાધના કરવાથી બુદ્ધિ, એકતા અને સમૃદ્ધિ મળે છે. ગણેશવિસર્જનના દિવસે વિશાળ શોભાયાત્રાનું આયોજન થતું, જેમાં આખા વિસ્તારના લોકો ભાગ લેતા. ધીમે ધીમે આ પરંપરા શહેરભરમાં પ્રસરી ગઈ.

### આજનું ગોપીપુરા હિંદુ મિલન મંદિર

આજે પણ ગોપીપુરા હિંદુ મિલન મંદિર સુરતના સૌથી જૂના અને માન્ય ગણપતિ પંડાલ તરીકે ઓળખાય છે. અહીં દર વર્ષે ગણેશચતુર્થી પર ભવ્ય સ્થાપના થાય છે. ભવ્ય શણગાર સાથે ગણેશજીની પ્રતિમા સ્થાપાય છે. ધાર્મિક કાર્યક્રમો સાથે સામાજિક સેવા (જેમ કે બ્લડ ડોનેશન કેમ્પ, શિક્ષણ સહાય) યોજાય છે. હજારો ભાવિકો અહીં દર્શન કરવા આવે છે.

# ઓલપાડના સીવાણ ગામના કુવામાંથી લાશ મળી આવી

### મૃતક અજાણ્યાની છાતી ઉપર અંગ્રેજીમાં આઈ લવ યુ લખાયેલું હતું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૩**

સાયણ સિવાણ ગામથી સાયણ સુગર તરફ જતા રસ્તા પરના એક કુવામાંથી ૩૫ થી ૪૦ વર્ષિય એક યુવાન કે જેણે છાતીના ભાગે આઇ લવ યુનું ટેટૂ ચિતરાવ્યું છે તેની ડિકમ્પોઝ હાલતમાં લાશ મળી આવી હતી. બનાવની જાણ સાયણગામના એક આધેડે પોલીસને કરતા આ મામલે પોલીસે કુવામાંથી લાશ બહાર કઢાવડાવી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ઓલપાડ પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર ઓલપાડ તાલુકામાં આવતા સીવાણગામથી સાયણ સુગર ફેક્ટરી તરફ જતા રસ્તા પાસે આવેલા એક કુવામાંથી ગઈકાલે બપોરના સમયે એક અજાણ્યા આશરે ૩૫ થી ૪૦ વર્ષિય યુવકની કોહવાયેલી લાશ મળી આવી હતી. આ બાબતે સાયણગામ પાસે રહેતા ધનસુખ વેલજીભાઇ લાડ દ્વારા ઓલપાડ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે લાશને બહાર કઢાવડાવી તપાસ હાથ ધરી હતી. યુવકે આત્મહત્યા કરી છે કે અકસ્માતે પડી ગયો છે તે અંગે પણ પોલીસ તપાસ કરી રહી છે. વધુમાં હાલ તો યુવકની ઓળખ થઇ નથી. યુવકના છાતીના ભાગે અંગ્રેજીમાં એ અને આ.એલ.યુ લખેલું હતું.

# હજીરા વિસ્તારમાં ટ્રાફિકજામ

### વરસાદને કારણે રસ્તાનું ધોવાણ થતાં વારંઘડીયે ટ્રાફિક સમસ્યાથી વાહનચાલકો પરેશાન



**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૩**

સુરત શહેરના છેવાડે આવેલા હજીરાના ઔદ્યોગિક એકમો વાળા વિસ્તારમાં આજે સવારથી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. એટલી હદે ટ્રાફિક જામ સર્જાયું હતું કે દૂર દૂર સુધી નાના મોટા વાહનોની કતાર જોવા મળી હતી. પોલીસ સહિતનો કાફલો આ ટ્રાફિક દૂર કરાવવા રસ્તે ઉતર્યો હતો. આ સમસ્યા આજની નથી, પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી વાહન ચાલકોને આ સમસ્યાથી હાલાકી ભોગવવાનો વારો આવી રહ્યો છે. ખાસ કરીને સ્થાનિક લોકો આ સમસ્યાથી ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે.

વારંવાર ટ્રાફિક જામ થવા પાછળનું કારણ પણ સરકારી તંત્રની લાપરવાહી માનવામાં આવી રહી છે. કેમકે દર વર્ષે ભારે વરસાદના કારણે અહીંના રોડ રસ્તાઓ ધોવાઈ જવાના કારણે મોટા મોટા ખાડાઓ પડી જતા હોય છે. જેના કારણે વાહન ચાલકોને અહીંથી પસાર થવામાં અકસ્માતનો હોય છે. જેથી વાહન ચાલકોને ભારે હાલાકી ભોગવવી વેઠવી પડે છે. વધુમાં જાણવા મળ્યું હતું કે અહીં ઔદ્યોગિક એકમો પણ હોવાથી વહેલી સવારમાં ઔદ્યોગિક એકમોમાંથી નીકળતા ભારે વાહનોના કારણે પણ ટ્રાફિક જામ સર્જાવા પામે છે. અત્રે નોંધનીય છે કે આ વિસ્તારમાં ઉદ્ભવેલી આ સમસ્યાને દૂર કરવા સ્થાનિક કોર્પોરેટર કે એમએલએ નક્કર કાર્યવાહી કરવા તંત્રને સૂચનો આપ્યા હોય તેવું આ સમસ્યા જોઈને લાગતું નથી અને કરી હોય તો પછી તંત્રએ સત્તાધીશોની વાત કાને લીધી ન હોય અને તેમને ગાંઠતા ન હોય તે તે વાતને પણ નકારી શકાય તેમ નથી.

# વરાછામાં મિત્રે મિત્રનું રૂા.૧૩ લાખનું કરી નાખ્યું

### લોન-ક્રેડિટ કાર્ડ મારફતે તેજસ કાકડિયાએ રૂપિયા પડાવી લીધા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૩**

વરાછા લંબે હનુમાન રોડ ખાતે રહેતા અને લેબરવર્ક કરતા યુવાન સાથે મિત્રતાના સંબંધે મિત્રને સને ૨૦૨૪થી અત્યાર સુધીમાં ટુકડે ટુકડે કરીને બેંક તેમજ ક્રેડીટ કાર્ડ મારફતે કુલ રૂ.૧૫ લાખ કોઇને કોઇ બહાના અને કારણો દર્શાવી મેળવી લીધા બાદ બેંક વ્યાજ અને ઇએમઆઇ નહીં ચુકવી ૧૩.૮૯ લાખની છેતરપિંડી કરી હોવાની ફરીયાદ વરાછા પોલીસ સ્ટેશનમાં નોંધાઇ છે.

મુળ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના વતની અને હાલ લંબે હનુમાન રોડ માતાવાડી ખાતે વર્ષા સોસાયટીમાં રહેતા દિપકકુમાર જીણાભાઇ વાઘેલા ઉ.વ.૩૬ લેબર વર્ક કરે છે. દરમિયાન ગઇ તા.૨૨-૩-૨૦૨૨૪ના સમયગાળામાં તેના મિત્ર તેજસ હરીભાઇ કાકડીયા રહે. ગોપીનાથ સોસાયટી, કતારગામએ મિત્રતાના નાતે હાથ ઉછીની ટુકડે ટુકડે રકમ લેવાનું શરૂ કર્યું હતું. દિપકકુમાર વાઘેલા પાસેથી તેજસ કાકડીયાએ બેંક લોન લેવડાવી હતી તેમજ ક્રેડીટ કાર્ડ મારફતે કુલ રૂ.૧૫ લાખ મેળવી લીધા હાત ત્યારબાદ બેંક લોનના હપ્તા નહીં ભરી ૧૫ લાખ સામે માત્ર ૩ લાખ ચુકવ્યા હતા બાકીના રૂપીયા નહીં ચુકવતા વારંવાર ઉઘરાણી કરવા છતાં રૂપીયા ગજવે ઘાલવામાં આવ્યા હોય આ મામલે ગઇકાલે દિપકકુમારે વરાછા પોલીસ સ્ટેશનમાં ઠગાઇનો ગુનો નોંધાવ્યો હતો.

# સુરતમાં વહેલી સવારે જોરદાર વરસાદ પડ્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૩**

મોનસૂન એક્ટિવ મોડમાં હોય ત્યારે ગુજરાત રાજ્યમાં ઠેર ઠેર વરસાદી માહોલ જામ્યો છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને દ્વારકા તેમજ જામનગરમાં અતિભારે વરસાદ પડ્યો છે ત્યારે આગામી સપ્તાહમાં હવામાન વિભાગ દ્વારા નર્મદા જિલ્લામાં, સુરતમાં, તાપી તેમજ વલસાડમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. ગઈકાલે દિવસ દરમિયાન સુરત શહેરમાં છુટા છવાયા વરસાદી ઝાંપટા પડ્યા હતા. આગામી સપ્તાહમાં હવામાન વિભાગે સુરત સહિત દ.ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાંપટા પડવાની આગાહી કરી છે ત્યારે આજે વહેલી સવારથી શહેરમાં વરસાદે વિરામ લીધો હતો. સુરત મનપા ફ્લડ કંટ્રોલ પાસેથી મળતી વિગત પ્રમાણે આજે સવારે ૬ વાગ્યાથી ૮ વાગ્યા સુધીમાં સુરત સિટીમાં સરેરાશ અડધાથી પોણા ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. સેન્ટ્રલ ઝોનમાં ૧૬ મીમી, રાંદેર ઝોનમાં ૧૧, કતારગામ ઝોનમાં ૧૪, વરાછા એ ઝોનમાં ૨૧, વરાછા બી ઝોનમાં ૧૫, ઉધના ઝોનમાં ૧૪ મીમી જ્યારે અઠવા ઝોનમાં ૧૫ મીમી અને લિંબાયત ઝોનમાં ૧ ઈંચ વરસાદ પડ્યો હતો.

# પોલીસના નામે દમ આપી રૂા. પાંચ હજારની માંગણી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૩**

ઉધના દરવાજા ચાર રસ્તા બ્રીજ નીચે ગઇકાલે બપોરના સમયે બાઇક લઇને ઉભેલા એક યુવક અને તેના મિત્રોને રીક્ષામાં આવેલા ચાર જણાએ પોતે પોલીસ હોવાની ઓળખ આપી ડરાવી ધમકાવી ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. રૂ.૫ હજારની માંગણી કરનાર ડુપ્લીકેટ પોલીસે યુવાને રૂપીયા નહીં આપતા તેને માર મારી જાતિ અંગે પુછપરછ કરી જાતિ બાબતે ગાળો આપી હતી. આ સમગ્ર મામલે ભોગબનનાર યુવાને સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. સલાબતપુરા પોલીસ મથકે ભોગબનનાર યુવાને ફરીયાદ લખાવી હતી કે, સારીલખાન પઠાણ, અબુલ હસન ચૌધરી, તૌસીફ અંસારી તેમજ રીક્ષા નં.જીજે.૦૫. બીવી.૩૪૬૦ના ચાલક નસીરૂદ્દીન પીરજાદાએ ઉધના દરવાજા બ્રિજ નીચે મોટર સાયકલ લઇને ઉભેલા એક મિત્ર અને તેના યુવાનોને પોતે પોલીસ હોવાની ઓળખ આપી દમ માર્યો હતો. ગાડીના કાગલોની માંગણી કરી યુવકને રીક્ષામાં બેસાડી જઇ પોલીસ કેસમાં ફસાવી દેવાની ધમકી આપી રૂ.૫ હજારની ખંડણી માંગવામાં આવી હતી. યુવક પાસે રૂપીયા ન હોય તેને ગાડી જમા લઇ લેવાનું જણાવી પેટમાં મુક્કા મારવામાં આવ્યા હતા. પોલીસ તરીકેની ઓળખ આપનાર સાહીલખાન પઠાણ સહિતની ટોળકી વિરૂધ્ધ ભોગબનનાર યુવાને ગઇકાલે સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો હતો.


SWACHH SURVEKSHAN | Surat SMART CITY | Smart City | FIT INDIA





રાજ્ય સરકાર દ્વારા

## શ્રેષ્ઠ શ્રી ગણેશ પંડાલ પ્રતિયોગિતા-૨૦૨૫

નું આયોજન

રાજ્યમાં સાંસ્કૃતિક વારસાનું જતન થાય તેમજ પરંપરાગત લોકસંસ્કૃતિ કલાવારસો જન-જન સુધી પહોંચે એવા ઉમદા આશયથી રાજ્ય સરકાર - યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર દ્વારા ગણપતિ ઉત્સવ દરમિયાન "શ્રેષ્ઠ શ્રી ગણેશ પંડાલ પ્રતિયોગિતા-૨૦૨૫" નું આયોજન કરવામાં આવેલ છે.

ગણપતિ ઉત્સવ દરમિયાન શહેરના શ્રેષ્ઠ ૩ ગણેશ મંડળોને પુરસ્કાર આપવામાં આવશે.

| પ્રથમ ક્રમ વિજેતા | દ્વિતીય ક્રમ વિજેતા | તૃતીય ક્રમ વિજેતા |
|---|---|---|
| ₹ ૫,૦૦,૦૦૦/- (પાંચ લાખ) | ₹ 3,00,000/- (ત્રણ લાખ) | ₹ ૧,૫૦,૦૦૦/- (દોઢ લાખ) |

આ પ્રતિયોગિતામાં કલાત્મક અને આકર્ષક મંડપ શણગાર, સામાજીક સંદેશ, શ્રી ગણેશ પ્રતિમાની પસંદગી (પર્યાવરણને અનુકૂળ - ઈકોફ્રેન્ડલી સામગ્રીનો ઉપયોગ), ઓપરેશન સિંદુર - દેશભક્તિ થીમ, સ્વદેશી (વોકલ ફોર લોકલ) થીમ, પંડાલની સ્થળ પસંદગી વગેરે બાબતોને ધ્યાનમાં લેવામાં આવશે.

સ્પર્ધામાં ભાગ લેવા માટેના ફોર્મ જીલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, પહેલો માળ, જૂની સિવિલ કોર્ટ બિલ્ડીંગ, નાવડી ઓવારા સામે, બહુમાળી ભવન કેમ્પસ, નાનપુરા ખાતેથી ગણેશ પંડાલોના પ્રતિનિધિઓ મેળવી અને ભરેલા ફોર્મ જમા કરાવી શકશે.

સુરત મહાનગરપાલિકા

નં.પી.આર.ઓ./૩૦૦/૨૦૨૫-૨૬
તા.૨૪/૦૮/૨૦૨૫

તંત્રી લેખ...-

સોમવાર, તા. ૨૫ ઓગષ્ટ ૨૦૨૫

## ઉપરાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી નહીં, સર્વસંમતિ યોગ્ય રહેત

દેશના ઉપરાષ્ટ્રપતિ પદ માટે સત્તાધારી મોરચા અને વિપક્ષ દ્વારા પોતપોતાના ઉમેદવારાનાં નામોની જાહેરાત સાથે આ ગારવભર્યા પદની ચૂંટણીનો તખતો તૈયાર થઈ ગયો છે. બે ઉમેદવાર મેદાનમાં હોવાથી આગામી નવમી સપ્ટેમ્બરના મતદાન યોજાશે. આમ તો સત્તાધારી એનડીએ પાસે પૂરતાં પ્રમાણમાં સંખ્યાબળ હોવા છતાં વિપક્ષી ઈન્ડિ જોડાણે પોતાના ઉમેદવારની જાહેરાત કરીને સંઘર્ષનાં પોતાનાં વલણની વધુ એક વખત સાબિતી દેશને કરાવી આપી છે. આ ચાવીરૂપ હોદ્દા માટે ગુપ્ત મતદાન કરાતું હોવાથી બન્ને છાવણીની કસોટી થશે એવા સંકેત મળી રહ્યા છે. સત્તાધારી એનડીએ દ્વારા તામિલનાડુના સીપી

રાધાકૃષ્નનનું ઉમેદવારીપત્ર બુધવારે ભરવામાં આવ્યું હતું, તો વિપક્ષી જોડાણ ઈન્ડિએ નિવૃત્ત સુપ્રીમ કોર્ટ જજ તેલંગાણાના બી. સુદર્શન રેડ્ડીનાં નામની જાહેરાત કરી છે. પ્રમાણમાં મજબૂત ઉમેદવાર પસંદ કરીને વિપક્ષી જોડાણે સંકેત આપી દીધા છે કે, સંખ્યાબળ અપૂરતું હોવા છતાં તે સત્તાધારી મોરચા અને સરકારને મચક આપવા તૈયાર નથી. આમ આવનારા દિવસોમાં આ ચૂંટણી રાજકીય રીતે ભારે રસપ્રદ બની રહે તેમ છે. ઉલ્લેખનીય છે કે, ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં સંસદના બન્ને ગૃહમાં સો ટકા મતદાન થાય તો વિજેતાને ૩૯૪ મતની જરૂરત રહે. આ સમીકરણમાં એનડીએ પાસે ૪૨૨ મત છે, જે રાધાકૃષ્ન માટે પૂરતા ગણી શકાય. જો કે, મહત્ત્વની બાબત એ છે કે, આ ચૂંટણીમાં ગુપ્ત મતદાન થતું હોવાથી બન્ને પક્ષે સંભવિત ક્રોસ વોટિંગના જોખમને રોકવા સતત જાગૃત રહેવું પડશે. બન્ને છાવણીએ દક્ષિણ ભારતના ઉમેદવાર પર પસંદગીનો કળશ ઢોળીને આવનારા રાજકીય ઈરાદા અને વ્યૂહનાં સંકેત આપી દીધાં છે. આવામાં દક્ષિણ ભારતના પ્રાદેશિક પક્ષો કોને પસંદ કરે છે તે જોવાનું રહેશે. તેલુગુ દેશમે એનડીએના ઉમેદવારને સમર્થન જાહેર કરીને રાજકીય ચોપાટમાં પહેલ કરી છે, તો ઉદ્ધવ ઠાકરેની શિવસેનાએ પણ અણધાર્યા વલણમાં એનડીએના ઉમેદવારની પ્રસંશા કરીને નવાં સંકેત આપ્યાં છે. સ્વાભાવિક રીતે ઉપરાષ્ટ્રપતિ કોઈ પક્ષના હોતા નથી. આ હોદ્દાની ગરિમાને ધ્યાનમાં લઈને તેમની પસંદગી સર્વસમંતિથી થાય તે લોકશાહીનાં હિતમાં ગણાતું આવ્યું છે, પણ છેલ્લા થોડા સમયથી સરકાર અને સત્તાધારી મોરચાની સામે તમામ બાબતોમાં બાંયો ચડાવતા રહેતા વિપક્ષી મોરચાએ આ હિતને જાળવવાની દરકાર કરી નથી. આવામાં પોતાની તાકાત ન હોવાની વાત જાણતા હોવા છતાં ચૂંટણીની જીદ કરી રહેલા વિપક્ષ માટે તેની તાકાતની વાસ્તવિક્તાનું ભાન આ ચૂંટણી કરાવશે એવી અપેક્ષા રખાઈ રહી છે. આ મતદાનનું પરિણામ વિપક્ષને તેના મુખ્ય ચૂંટણી કમિશનરની સામેના મહાભિયોગના ઈરાદામાં ફેરવિચાર કરાવે એવી આશા રાખી શકાય. બાકી તો ઉપરાષ્ટ્રપતિ પદેથી જગદીપ ધનખડે જે રીતે વિદાય લીધી તે જોતાં હવે આ પદની ગરિમાને જાળવવા તમામ રાજકીય પક્ષોએ પ્રામાણિકપણે વિચાર-મંથન કરવાની જરૂરત વર્તાઈ રહી છે.

**રાધાકૃષ્નનનું ઉમેદવારીપત્ર બુધવારે ભરવામાં આવ્યું હતું, તો વિપક્ષી જોડાણ ઈન્ડિએ નિવૃત્ત સુપ્રીમ કોર્ટ જજ તેલંગાણાના બી. સુદર્શન રેડ્ડીનાં નામની જાહેરાત કરી છે.**

## સફેદ હાથી નામે મોનોરેલ

મુંબઈની માળખાકીય સુવિધાઓમાં ધોળા હાથી કે શોભાના ગાંઠિયાનું બિરુદ મોનોરેલને આપી શકાય. ૧૧ વર્ષથી શહેરમાં મોનોરેલ કાર્યરત હોવા છતાં અને આશરે વીસેક કિ.મી.ના પટ્ટા પર દોડતી હોવા છતાં પરિવહનના ઉપયોગી અને અસરકારક માધ્યમ તરીકે તેની ગણના થતી નથી. આર્થિક રીતે નુકસાનીમાં ચાલતી મોનોરેલનો બે દિવસ મુંબઈમાં ધમરોળનાર વરસાદના બીજા દિવસે ઉપયોગી થવાનો વારો આવ્યો ત્યારે આ સેવા અટકી ગઈ હતી. એટલું જ નહીં, ૫૮૨ જણ ભરેલી મોનોરેલની બે રેક અધવચ્ચે અટકી પડી ત્યારે અનેકના જીવ પડીકે બંધાઈ ગયા હતા. સદ્નસીબે, મોનોરેલ અટકી પડી એના કારણે કોઈ અપ્રિય ઘટના બની નહોતી, પણ ફાયરબ્રિગેડે આગ ઓલવવા માટેની વિશાળકાય સીડીઓનો ઉપયોગ મોનોરેલમાં અટવાઈ ગયેલા ઉતારુઓને બહાર કાઢવા માટે કરવો પડયો. મંગળવારે સાંજે છ વાગીને આડત્રીસ મિનિટે ભક્તિ પાર્ક અને મૈસૂર કોલોની વચ્ચે એક મોનોરેલ અટકી ગઈ હતી, તો આચાર્ય અત્રે તથા વડાલા મોનોરેલ સ્ટેશન વચ્ચે સાંજે સાડાસાત વાગ્યાની આસપાસ બીજી મોનોરેલ ખોટકાઈ ગઈ હતી. મોનોરેલના સંચાલકોએ આ બે ઘટના માટે રેકમાં ક્ષમતા કરતાં વધુ ઉતારુઓ હોવાનું કારણ આગળ કરી પોતાનો બચાવ કર્યો છે, તો રાજ્ય સરકારે ટેકનિકલ પ્રોબ્લેમ હોવાનું જણાવી વધુ તપાસનું આશ્વાસન આપ્યું છે. છેક શરૂઆતથી જ વિવાદમાં રહેલી મોનોરેલે અણીના સમયે મુંબઈગરાને દગો આપ્યો હોય એવી આ પહેલી ઘટના નથી. મુંબઈને શાંઘાઈ બનાવવાની આંબા-આંબલી રાજકારણીઓ નાગરિકોને વર્ષોથી દેખાડયા કરે છે, પણ મુંબઈગરાના ભાગે તો દર વર્ષે ચોમાસાંમાં અને ક્યારેક કોઈ પણ મોસમમાં હાલાકીનો સામનો કરવાનો આવે છે. ગત સોમ અને મંગળવારે શહેર તથા ઉપનગરોને ધમરોળનાર વરસાદને પગલે રેલવે સેવા અને ઠેર-ઠેર પાણી ભરાઈ જવાને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું. મધ્ય રેલવે અને હાર્બર લાઈનની સેવા તો ઠપ થઈ ગઈ હતી. આવામાં, નોકરી-ધંધેથી ઘરે પહોંચવા માટે મોનોરેલનો આશરો લેનારા કમભાગી મુંબઈગરાઓને ત્રણ કલાક બંધ પડેલી મોનોરેલમાં ગોંધાઈ રહેવું પડયું હતું. મોનોરેલ સંચાલકોનું કહેવું છે કે, ઉતારુઓના વધુ પડતા ધસારાને કારણે મોનોરેલમાં કુલ વજન ૧૦૯ મેટ્રિક ટનથી વટાવી ગયું હતું, આ ટ્રેનની મૂળ ક્ષમતા ૧૦૪ મેટ્રિક ટન છે. આ વધુ વજનને કારણે પાવર રેલ અને કરન્ટ લોકેટર વચ્ચેનો મેકેનિકલ સંપર્ક તૂટી ગયો હતો, ટ્રેન ચલાવવા માટે જરૂરી વીજળીનો પ્રવાહ તેના કારણે અટકી ગયો હતો. સાંજે સાડા છ વાગ્યાથી અટકેલી મોનોરેલમાંથી ૫૮૨ ઉતારુને ઉગારવાની બચાવ કામગીરી રાત્રે સવા દસ વાગ્યા સુધી ચાલી હતી. સદ્નસીબે, કોઈને ગંભીર ઈજા કે સમસ્યા થઈ નહોતી, પણ આ ઘટનાથી મુંબઈની નબળી સુવિધાઓની પોલ વધુ એકવાર ખૂલી ગઈ હતી.

**મોટા અપરાધીઓ રાજકારણમાં હાવી થયા છે.**

# કાયદા સામે સૌ સમાન

**કાયદાનો ભય નથી. કાયદાને તો રાજકારણીઓનો ભય હોય છે, કારણ કે કાયદા કરતાં નેતાઓના હાથ વધુ લાંબા છે!**

ભારતની સફળ લોકશાહીની નોંધ આજે વિશ્વમાં લેવાય છે. ભારતનાં અર્થતંત્ર અને સંરક્ષણ શક્તિનો સ્વીકાર થાય છે, ત્યારે આપણાં લોકતંત્રને બદનામ કરી દેશની એકતા, શક્તિ નબળી પાડવાના પ્રયાસ થઈ રહ્યા છે ! અલબત્ત, આપણે ઘણા ચૂંટણી સુધારા કર્યા છે. ચૂંટણીમાં મની પાવર અને મસલ પાવરની બોલબાલા ખતમ કરવાનાં પગલાં લેવામાં આવ્યાં છે, પણ ચૂંટણીખર્ચની મર્યાદા કોણ પાળે છે ? પ્રદેશવાદ, ભાષાવાદ અને જાતિવાદ હજુ પણ જોરમાં છે. રાજકારણનાં અપરાધીકરણ રોકવાના પ્રયાસ થયા હોવા છતાં રોકાયું છે ? મોટા અપરાધીઓ રાજકારણમાં હાવી થયા છે. કાયદાનો ભય નથી. કાયદાને તો રાજકારણીઓનો ભય હોય છે, કારણ કે કાયદા કરતાં નેતાઓના હાથ વધુ લાંબા છે ! આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ દિલ્હીની શરાબનીતિમાં લાયસન્સ આપીને 'મની લોન્ડરિંગ' (બ્લેક મનીનું ડ્રાયક્લીનિંગ) કરવાના કેસમાં જેલવાસ ભોગવતા હતા. માર્ચ - ૨૦૨૪માં પકડાયા પછી છ મહિના જેલ ભોગવી. સુપ્રીમ કોર્ટે જામીન ઉપર છોડયા, પણ મુખ્યપ્રધાનનાં સરકારી કાર્યાલયમાં પ્રવેશ નહીં કરવાની શરત - તાકીદ હતી. કેસના સાક્ષીઓ તથા કેસને લગતી ફાઈલો જોવાની પણ મનાઈ હતી. આ રીતે કેજરીવાલ મુખ્યપ્રધાનપદે ચાલુ રહ્યા. જનતા અને વિપક્ષની માગણી હોવા છતાં રાજીનામું આપવા તૈયાર નહોતા. સુપ્રીમ કોર્ટે પણ કહ્યું - ચૂંટાયેલા નેતાને રાજીનામું આપવાની ફરજ પાડવાની કોર્ટને સત્તા નથી ! કેજરીવાલ કોર્ટને અને વિરોધીઓને અંગૂઠો બતાવતા રહ્યા ! આખરે જનતાની અદાલતે સજા ફરમાવી. તાજેતરમાં તામિલનાડુના પ્રધાન વી. સેન્થિલ બાલાજી મની લોન્ડરિંગમાં પકડાયા. વર્ષ ૨૦૨૩માં નોકરી આપવાનાં બહાને નાણાં લીધાં - લોકોને લૂંટયા. ૧૪ મહિના જેલમાં રહ્યા, પણ ગવર્નર અને વિપક્ષનાં દબાણથી આખરે પ્રધાનપદનું રાજીનામું આપ્યું. સપ્ટેમ્બર - ૨૦૨૪માં સુપ્રીમ કોર્ટે જામીન ઉપર છોડયા, કારણ કે એમનો કેસ લાંબા સમય સુધી ચાલે એમ હતો. જામીન ઉપર છૂટયા પછી મુખ્યપ્રધાને એમને ફરીથી કેબિનેટ મિનિસ્ટર બનાવ્યા. ઈડીએ સુપ્રીમ કોર્ટને કહ્યું - પ્રધાન બન્યા પછી કેસના પુરાવા અને સાક્ષીઓ ઉપર દબાણ કરશે. હકીકતમાં અગાઉ રાજીનામું આપ્યા પછી જામીન માટે અરજી કરી હતી. જામીન ઉપર છૂટવા માટે જ રાજીનામાનું નાટક કરીને સુપ્રીમ કોર્ટની ખોટી છાપ પાડી હતી. આખરે સુપ્રીમ કોર્ટે જામીન રદ કરીને કહ્યું જામીન જોઇએ કે પ્રધાનપદ, નક્કી કરો. નાછૂટકે પ્રધાનપદનું રાજીનામું આપ્યું ! આવા કિસ્સાઓમાં સુપ્રીમ કોર્ટના હાથ પણ બંધાયેલા - ટૂંકા પડે છે ! ચૂંટણી પહેલાં ઉમેદવારોએ એમની તમામ વિગતો - 'જન્મપત્રી' જાહેર કરવી પડે છે - કેટલા અપરાધમાં સંડોવણી છે - કેટલા - અને ક્યા ફોજદારી કેસ છે વગેરે. વર્ષ ૨૦૨૪માં ચૂંટાયેલા કુલ સભ્યોના ૪૬ ટકા માનનીય સભ્યો સામે ક્રિમિનલ કેસ ઊભા હતા. ૨૦૦૯માં આ ટકાવારી ૩૦ હતી ! આ વર્ષે સુપ્રીમ કોર્ટે તપાસ કરાવી તો જાણવા મળ્યું કે સંસદ અને વિધાનસભ્યો ઉપર કુલ ૫૦૦૦ ફોજદારી કેસ હજુ ચાલે છે ! પ્રશ્ન એ છે કે રાજકીય પક્ષો આવા નેતાઓને ટિકિટ શા માટે આપે છે ? કારણ કે, એમની દબંગ - હાક વાગતી હોય છે - આસાનીથી જીતી શકે છે અને જીત્યા પછી એમની સામે આંગળી ચીંધવાની હિંમત કોની હોય ? આવા - તમામ રાજકીય પક્ષોના ચૂંટાયેલા સભ્યોનાં નામ - મતદારયાદીની જેમ જાહેર કરવાં જોઇએ, જેથી એમના પક્ષોને પણ લોકો જાણી શકે ! આપણા રાજકીય ઈતિહાસમાં અરવિંદ કેજરીવાલ પ્રથમ છે, જેમણે જેલમાં બેસીને સરકાર ચલાવી હોય ! કોર્ટ અને વિપક્ષને - મોદી સરકારને અંગૂઠો બતાવ્યો ત્યારે જ મુખ્યપ્રધાનોને પણ કાયદો લાગુ પાડવો જોઇએ - સજા થયા પછી મુખ્યપ્રધાનપદ અને વિધાનસભાનું સભ્યપદ ગુમાવે તેવા કાયદાની માંગ ઊઠી હતી, પણ રાજકીય કિન્નાખોરીની ટીકા થઈ શકે તેથી નિર્ણય લેવાયો નહીં. હવે આ વિષયમાં 'લો કમિશન'ના રિપોર્ટ તથા સુપ્રીમ કોર્ટનાં ટીકા - ટિપ્પણીનો અભ્યાસ કરીને મોદી સરકારે સંસદમાં ખરડા પેશ કર્યા છે. વડાપ્રધાન, મુખ્યપ્રધાનો અને પ્રધાનો - કોઈપણની કાયદેસર ધરપકડ - અટકાયત થાય અને સતત ત્રીસ દિવસ સુધી જેલવાસ ભોગવ્યો હોય તો એકત્રીસમા દિવસે હોદ્દા - પદનું રાજીનામું આપવું પડશે અને આપે નહીં તો વડાપ્રધાનની ભલામણ પછી રાષ્ટ્રપતિ સંબંધિત પ્રધાન કે મુખ્યપ્રધાનને હોદ્દા - સભ્યપદ ઉપરથી ભ્રષ્ટ કરે. સંબંધિત પ્રધાને જે કાયદાનો ભંગ કર્યો હોય તેના અન્વયે અપરાધની સજા ઓછામાં ઓછી પાંચ વર્ષની હોય તે જરૂરી છે. આ સુધારો સંવિધાનની કલમ ૭૫, ૧૬૪ અને ૨૩૯ અઅમાં સૂચવાયો છે. સંબંધિત પ્રધાન - સંવિધાનમાં જનતાએ મૂકેલા વિશ્વાસ - શ્રદ્ધાનો ભંગ કરે તે ચલાવી લેવાય નહીં. સંવિધાનમાં આ સુધારાને ગૃહમાં હાજર હોય તેના બે તૃતીયાંશ સભ્યોનું સમર્થન મળવું જોઈએ. ખરડો ગૃહમાં રજૂ થયા પછી વિપક્ષી નેતાઓએ ભારે વિરોધ કર્યો, પણ આ ખરડો રાજ્યસભાના દસ અને લોકસભાના ૨૧ સભ્યની સંયુક્ત સમિતિને મોકલવામાં આવ્યો છે, જ્યાં તેનો વિગતે અભ્યાસ, ચર્ચાવિચારણા કરીને સંસદનાં આગામી સત્રના પ્રથમ દિવસે અહેવાલ આપશે. શક્ય સુધારા પણ સૂચવે તેની ચર્ચા થયા પછી મંજૂરી મળશે. વિપક્ષી નેતાઓએ આ 'રાક્ષસી' ખરડાથી વડાપ્રધાન સરમુખત્યાર બની જશે એવી ટીકા કરી છે. રાજ્યોની સત્તા ઉપર તરાપ છે, સરકારી એજન્સી આનો દુરુપયોગ કરશે અને વિપક્ષી રાજ્ય સરકારો સમવાય તંત્ર - ફેડરલ સિસ્ટમ અસ્થિર બનશે - એવી ટીકા છે. વિપક્ષની ટીકામાં અમુક અંશે તથ્ય છે. સરકાર ગમે તે પક્ષની હોય એજન્સીઓની સત્તાનો રાજકીય ઉપયોગ થાય જ. યુપીએ સરકાર વખતે સુપ્રીમ કોર્ટે સીબીઆઈની પિંજરાંમાં બેઠેલા પોપટ સાથે સરખામણી કરી હતી, પણ સંબંધિત પ્રધાન કે મુખ્યપ્રધાન અદાલતમાં ફરિયાદ કરી શકે છે અને જો અપરાધ મુક્ત થાય તો ફરીથી હોદ્દા ઉપર આવી શકે છે, છતાં પ્રશ્ન અદાલતી કાર્યવાહીનો છે. સુનાવણી ક્યારે પૂરી થાય અને ચુકાદો ક્યારે આવે ? આવા કેસ માટે અલગ અદાલત - બેન્ચની વ્યવસ્થા હોવી જોઈએ. ન્યાયતંત્રનો સિદ્ધાંત છે કે અપરાધ પુરવાર થાય નહી ત્યાં સુધી વ્યક્તિ નિર્દોષ ગણાય, તો પછી માત્ર કસ્ટડીમાં હોય ત્યારે અપરાધી કેમ ગણાય ? આ દલીલ છે, છતાં જાહેર જીવનમાં નેતાઓએ નૈતિક જવાબદારી લેવી પડે, પોતે પ્રામાણિક - શુદ્ધ હોય તેમ બતાવવું પણ જોઈએ. અમિત શાહે નૈતિક ધોરણે રાજીનામું આપ્યું અને અદાલતે ચુકાદો આપ્યો કે રાજકીય કિન્નાખોરીથી કેસ થયા છે - તે પછી એમણે હોદ્દો સ્વીકાર્યો હતો. એલ કે અડવાણીએ પણ હવાલા કેસમાં નામ આવતાં જ પક્ષનાં પ્રમુખપદેથી અને લોકસભાનાં સભ્યપદેથી રાજીનામાં આપી દીધાં હતાં. ઝારખંડના મુખ્યપ્રધાન હેમંત સોરેને પણ ધરપકડ પછી રાજીનામું આપ્યું હતું. આમ, જાહેર જીવનમાં સત્તા - કાયદાથી ઉપર નૈતિક જવાબદારી હોવી જોઈએ. આ ખરડો ચૂંટણી સુધારાની દિશામાં મહત્ત્વનું પગલું છે.

**ભાત ભાત કે લોગઃ**

# કેનેડીના આ વાક્યનો મર્મ હજુ સુધી આપણે કેમ સમજ્યા નથી?

- અરજીકર્તાઓનું કહેવું હતું કે આ હાઈ-વે પર વધુ પડતા ખાડા અને ટ્રાફિકની સમસ્યાઓને કારણે હાઈ-વેની પરિસ્થિતિ અત્યંત બદતર છે. જ્યાં સુધી આ પરિસ્થિતિ સુધરે નહિ ત્યાં સુધી વાહનચાલકો પાસે ટોલ વસૂલવો જોઈએ નહીં.

થોડા દિવસ પહેલા સુપ્રીમ કોર્ટે એક મહત્ત્વનું રૂલિંગ આપ્યું. આપણે ત્યાં મોટે ભાગે બને છે એમ પ્રજાના મોટા વર્ગને સ્પર્શતા આ રૂલિંગ વિશે થવી જોઈએ એટલી ચર્ચા ન થઈ. વાત એમ છે કે ત્રિશૂર જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈ-વે નંબર : ૫૪૪નો ટોલ પ્લાઝા થોડા સમય માટે બંધ કરાવવા કેરળ હાઈ કોર્ટમાં અરજી થયેલી.

અરજીકર્તાઓનું કહેવું હતું કે આ હાઈ-વે પર વધુ પડતા ખાડા અને ટ્રાફિકની સમસ્યાઓને કારણે હાઈ-વેની પરિસ્થિતિ અત્યંત બદતર છે. જ્યાં સુધી આ પરિસ્થિતિ સુધરે નહિ ત્યાં સુધી વાહનચાલકો પાસે ટોલ વસૂલવો જોઈએ નહીં. કેરળ હાઈ કોર્ટે વાહનચાલકોની તરફેણમાં ચુકાદો આપ્યો. હાઈ-વેની જાળવણી કરવી, ટોલ ટેક્સ ઉઘરાવવો વગેરે બાબતોનું નિયંત્રણ 'નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા-(એનએચએઆઈ)' કરે છે. એના દ્વારા કેરળ હાઈ કોર્ટના ઉપરોક્ત ચુકાદા સામે સુપ્રીમમાં અપીલ કરવામાં આવી. ભારતના સર્વોચ્ચ ન્યાયમૂર્તિ જસ્ટિસ બી. આર. ગવઈ અને જસ્ટિસ કે. વિનોદચંદ્રનની બેંચ દ્વારા તમામ પાસાઓનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરીને કેરળ હાઈ કોર્ટના ચુકાદાને સર્વથા વાજબી ઠરાવાયો એટલે એ નેશનલ હાઈ-વેનો ટોલ પ્લાઝા ચાર અઠવાડિયા સુધી બંધ રહેશે.

આ ચુકાદા સાથે બેન્ચે કડક ટિપ્પણી પણ કરી કે ખાડાવાળા રસ્તાઓ બિનકાર્યક્ષમતાની નિશાની છે. વાહનચાલકો વિહિકલ ટેક્સ પેટે તો પહેલેથી જ સરકારને પૈસા ચૂકવી દેતા હોય છે તો પછી બિસ્માર હાઈ-વે પરથી પસાર થવા બદલ ટોલ ટેક્સ શું કામ ચૂકવે? હાઈ વેઝ એટલા માટે જ બનાવવામાં આવે છે કે લોકો સરળતાપૂર્વક અને ઝડપથી લાંબા અંતરની મુસાફરી કરી શકે, પણ બેમાંથી એક્કેય સુવિધા સચવાતી ન હોય તો આપણે કઈ વાતના પૈસા ચૂકવી રહ્યા છે? જે લોકો નિયમિતપણે આપણા દેશના વિવિધ હાઈ-વેઝનો ઉપયોગ કરે છે એ બધા સર્વોચ્ચ કોર્ટના આવા કડક વલણથી રાજી થયા. જો કે આવા એકાદ રૂલિંગ માત્રથી લોકોમાં જાગૃતિ આવી જશે અને દરેક રાજ્યમાંથી આવો અવાજ ઊઠશે એવું માની લેવાની જરૂર નથી, કેમકે આપણને ભારતીયોને ઘણી બધી બાબતો એવી હદે કોઠે પડી ગઈ છે કે આપણે એ દિશામાં વિચારવાનું જ બંધ કરી દીધું છે.

સવાલ માત્ર પૈસા ચૂકવવાનો નથી. નાગરિકોની સુરક્ષાનું ય મહત્ત્વ ખં કે નહિ? અને જો સુરક્ષાની ચર્ચા થાય તો માત્ર હાઈવે પૂરતા સીમિત રહેવાને બદલે શહેરી માર્ગોને ય આવરી લેવા જોઈએ, કેમકે બિસ્માર હોવા બાબતે શહેરના રસ્તાઓ નેશનલ અને સ્ટેટ હાઈવેથી ચાર ચાસણી ચડે એવા છે. આધારભૂત મળતા આંકડાઓ મુજબ ૨૦૨૩માં ભારતમાં એક લાખ બોત્તેર હજાર જેટલા નાગરિકો અકસ્માતનો ભોગ બનીને માર્યા ગયા. દર ત્રીજી મિનિટે એક નાગરિક મોતને ભેટતો હોય તો એ વાતને ગંભીર ગણવી જ પડે. ઊંચા મૃત્યુદર માટે વાહનચાલકોની બેદરકારી અને અણઆવડત તો જવાબદાર ખરા, પરંતુ બિસ્માર રસ્તાઓ અને નિયમપાલન પ્રત્યેની બેદરકારીનો ફાળો ય એટલો જ મોટો ગણાય. બીજી બાબતો માટે નાગરિકો પોતે જવાબદાર હોઈ શકે, પરંતુ રસ્તાઓની બનાવટ અને નિભાવની જવાબદારી સંપૂર્ણપણે તંત્રને શિરે છે. આજની તારીખે નેશનલ હાઈવે ઓથોરિટી અને મ્યુનિસિપલ કોર્પોરેશન્સ ટેક્સ ઉઘરાવવામાં જેટલી ચીવટાઈ રાખે છે એટલી રસ્તાઓના નિભાવને લઈને નથી રખાતી. હાઈવે ઓથોરિટીઝ સહિતની જવાબદાર સંસ્થાઓ સાવ ખાડે ગઈ હોય એવું ય નથી. ભારતમાં નવા હાઈ-વેઝનું કામ તેજ ગતિએ થઈ જ રહ્યું છે, પરંતુ પહેલેથી મોજૂદ રસ્તાઓની સમસ્યા વિશે લોકો બહુ બોલતા નથી એટલે સમસ્યાના નિરાકરણ બાબતે સરકારી તંત્ર પણ ઉદાસીન છે.

વિદેશોમાં આ મામલે કેવી પરિસ્થિતિ છે? ખાસ કરીને વિકસિત દેશોમાં મોટા ભાગના હાઈ-વેઝ ભારતની સરખામણીએ બહેતર છે. ભારતીયોને આંચકો લાગે વાત એ છે કે લક્ઝમબર્ગ, ફિનલેન્ડ, લિશ્ટેનસ્ટાઈન, કોસોવો, માલ્ટા, મોનાકો અને સાનમરીનો જેવા નાના નાના યુરોપિયન દેશોમાં તો ટોલ ટેક્સ છે જ નહિ. પ્રધાનમંત્રી મોદી થોડા દિવસો પહેલા સાયપ્રસ દેશની મુલાકાતે ગયેલા. ત્યાં પણ ટોલ ભરવાની સિસ્ટમ નથી. વળી અમુક દેશ એવાય છે જે આપણી માફક દરેક નેશનલ હાઈવે પર ટોલ પ્લાઝા નથી ખડકી દેતા, બલકે અમુક બ્રિજ કે ટનલ અથવા મેજર હાઈ વેઝ પર જ ટોલ ઉઘરાવે છે. એથી વિદ્ધ કેટલાક દેશોમાં ટોલ ટેક્સના દર એટલા ઊંચા છે કે ભારતના ઊબડખાબડ હાઈ વેઝ પ્રત્યેની તમારી તમામ ફરિયાદોનો એક ધડાકે છેદ ઊડી જાય! દાખલા તરીકે મુંબઈગરાને સી-લિંક રોડ પર કિલોમીટર દીઠ આશરે સાડા નવ રૂપિયા ટોલ ટેક્સ ભરવો પડે છે, જ્યારે ઓસ્ટ્રેલિયાના શહેર મેલબોર્ન ખાતે આવેલા સિટીલિંક નેટવર્કનો ૨૨ કિલોમીટર લાંબો રોડ પાર કરવા માટે ૧૦ ઓસ્ટ્રેલિયન ડૉલર્સ ટોલ ચૂકવવો પડે. રૂપિયા મુજબ ગણીએ તો કિલોમીટર દીઠ ૨૫.૪૫ રૂપિયા. સેન્ટ્રલ લંડનમાં પણ મુંબઈની માફક ગીચ ટ્રાફિકની સમસ્યા હતી. સત્તાવાળાએ એમાંથી બચવા જબરો ઉપાય અજમાવ્યો. પિક-અપ અવર્સ દરમિયાન જો તમારે સેન્ટ્રલ લંડનના અમુક વિસ્તારોના મુખ્ય માર્ગોનો ઉપયોગ કરવો હોય, તો એક દિવસના ૧૫ યુરો જેવડો ચામડાફાડ ટેક્સ ચૂકવવો પડે! (આજની તારીખે ૧ યુરો એટલે આશરે ૧૦૧ રૂપિયા) આ ચાર્જ માટે ટોલ ટેક્સને બદલે 'ક્નજેશન ચાર્જ' એટલે કે ભીડભાડ ઉપર લાગતો ચાર્જ જેવા શબ્દો વાપરવામાં આવે છે. યુરોપ-અમેરિકામાં બીજા અનેક માર્ગો એવા છે, જે આપણને મોંઘાદાટ લાગે, પણ ટોલ ટેક્સના ઊંચા દરો સામે ઉત્તમ ક્વોલિટીના રસ્તાઓ પણ મળે છે એ વાત ભૂલવી ન જોઈએ. જોકે આપણા ભારતની સમસ્યા જરા જુદી છે. આપણે ધારીએ તો વિશ્વમાં સૌથી સસ્તા દરના ટોલટેક્સ સાથે ઉચ્ચ ગુણવત્તા ધરાવતા હાઈ- વેઝ બનાવી શકીએ એમ છીએ, પરંતુ આ કેમ શક્ય નથી બનતું એની પાછળ જવાબદાર ભ્રષ્ટાચાર સહિતનાં અનેક કારણ પણ જાણીતા છે.

યુએસએના સદ્ગત પ્રમુખ જહોન એફ કેનેડીએ એક વાર કહેલું કે અમેરિકા સમૃદ્ધ દેશ છે એટલે એના રસ્તા સારા છે એવું નથી. બલકે અમેરિકાના રસ્તા સારા છે એટલે એ સમૃદ્ધ દેશ બની શક્યો છેપ!

ચીન-અમેરિકા વચ્ચેની વ્યાપારિક ભીસમાંથી નીકળીને ખરા અર્થમાં વિશ્વગુરુ બનવા ઈચ્છતા ભારતીયોએ કેનેડીના વાક્યનો મર્મ સમજવાની તાતી જરૂર છે.

**સર્ટિફિકેટ કોર્સ કરી શકાય. તેમજ ક્રિપ્ટો અને બ્લોકચેનમાં સર્ટિફિકેટ કોર્સ નેસકોમ અને આઈબીએમ પણ કરાવે છે.**

# ક્રિપ્ટો એનાલિસ્ટ એક ઉજ્વળ ભવિષ્ય

**ક્રિપ્ટો એનાલિસ્ટ એટલે જે વ્યક્તિ ક્રિપ્ટો કરંસી જેવા કે, ઈથેરમ વગેરેના મૂલ્યના ઉતાર-ચડાવ માર્કેટ ટ્રેંડસ અને બ્લોકચેન ડેટાનું વિશ્લેષણ કરે છે.**

ભારતમાં ક્રિપ્ટો એનાલિસ્ટ બનવું એ એક ઉજવળ ભવિષ્યની નિશાની છે, ખાસ કરીને જયારે દેશ અને દુનિયા ડિજિટલ અસેટ્સ ,બ્લોકચેન ટેકનોલોજી અને વેબ ૩.૦ ની તરફ આગળ વધી રહી હોય.

ક્રિપ્ટો એનાલિસ્ટ એટલે જે વ્યક્તિ ક્રિપ્ટો કરંસી જેવા કે, ઈથેરમ વગેરેના મૂલ્યના ઉતાર-ચડાવ માર્કેટ ટ્રેંડસ અને બ્લોકચેન ડેટાનું વિશ્લેષણ કરે છે. ક્રિપ્ટો એનાલિસ્ટનું કાર્ય પોતાના ઈનવેસ્ટરને ડેટા આધારિત સલાહ આપવાનું છે અને તેમના દ્વારા લેવાતાં જોખમોનું મુલ્યાંકન કરવાનું હોય છે. આની સાથે ક્રિપ્ટો એનાલિસ્ટ પોર્ટફોલિયો મેનેજ કરવામાં પણ સહયોગ આપે છે. એમ તો ભારતમાં ક્રિપ્ટો કરંસીને કોઈ કાનૂની દર્જો નથી મળ્યો, પરંતુ આને વર્ચ્યુઅલ ડિજિટલ અસેટના રૂપમાં મહત્ત્વ અપાયું છે. તેથી જ ક્રિપ્યો એનાલિસ્ટ તરીકે કેરિયર બનાવવું એ ફાયદામંદ છે અને આવનારા દિવસોમાં આની માગ વધવાની સંભાવના છે.

ક્રિપ્ટો અને બ્લોકચેન ટેક્નોલોજી અત્યારે તેના પાથમિક ચરણમાં છે. પરંતુ જ્યારે જ્યારે વેબ ૩.૦ અપનાવવામાં આવશે તેમ લોકોમાં ડિજિટલ કરંસીને લઈને વિશ્વાસ વધશે. આની સાથે ઈન્વેસ્ટરોની પણ સંખ્યા વધશે અને માર્કેટમાં બીજા ક્ષેત્રોની જેમ જ આ ક્ષેત્રમાં પણ નવા સ્ટાર્ટઅપ પણ ચાલુ થશે. ત્યારે ક્રિપ્ટો એનાલિસ્ટની માગ આજના મુકાબલે ઘણી વધારે હશે.

હાલમાં ભારતમાં ઘણી ઓછી વિશ્વવિદ્યાલયો છે કે જે ક્રિપ્ટો કે બ્લોકચેનમાં ડિગ્રી આપે છે. પરંતુ ઘણી સંસ્થાઓ છે કે જે સર્ટ્રિફિકેટ કોર્સ પ્રોવાઈડ કરે છે જેમકે ,



સર્ટિફિકેટ કોર્સ કરી શકાય. તેમજ ક્રિપ્ટો અને બ્લોકચેનમાં સર્ટિફિકેટ કોર્સ નેસકોમ અને આઈબીએમ પણ કરાવે છે. આની માટે જરૂરી શૈક્ષણિક યોગ્યતા ગ્રેજ્યુએટની હોવી જરૂરી છે. જેમકે, વાણિજ્ય કે કમ્પ્યુટર સાયન્સ કે મેથ્સ કે ફાઈનાન્સ ઓફ બ્લોકચેન ટેકનોલોજી કોર્સ કરવાના યોગ્ય હોય છે.

ક્રિપ્ટો એનાલિસ્ટના રૂપમાં તમને ક્વાઈન ડીસીએક્સ , વઝીરએક્સ , ક્વાઈન સ્વિચ કુબેર, બિનાસે અને ઓકેએક્સ જેવા ક્રિપ્ટો એક્સચેંજમાં નોકરી મળવાના ભરપૂર ચાન્સ છે. આની સાથે જ ક્રિપ્ટો રિસર્ચ ફર્મ જેવા – મેસારી, જેન એનાલિસિસ તેમજ ગ્લાસનોચ જેવી ક્રિપ્ટો રિસર્ચ ફર્મમાં નોકરી મળી શકે છે. આ વિદેશી કંપનીઓ છે પરંતુ ભારતમાં પોતાની ઘણી બ્રાંચ છે.

બ્લોકચેન એનાલિસ્ટ અથવા ક્રિપ્ટો એનાલિસ્ટને શરૂઆતમાં ૪ લાખથી ૮ લાખ રૂપિયાનું એન્યુઅલ પેકેજ વાળી નોકરી આરામથી મળી જાય છે. તેમજ ૨ થી ૪ વર્ષના અનુભવવાળાને એન્યુઅલી ૧૦ થી ૧૮ લાખ રૂપિયાના પેકેજ આરામથી મળી જાય છે. ૫ વર્ષથી વધારેના અનુભવ પછી આ ફિલ્ડમાં માસ્ટરી આવ્યા બાદ ૩૦ થી ૪૦ લાખના પેકેજવાળી નોકરી આરામથી મળી શકે.

ભારત ધીરે ધીરે ક્રિપ્ટો અને બલોકચેનને અપનાવવાની દિશામાં આગળ વધી રહ્યું છે. રિઝર્વ બેંક ઓફ ઈંડિયા દ્વારા સેંટ્રલ બેંક, ડિજિટલ કરંસી એટલે કે, સીબીડીસીની શરૂઆત કરી ચૂકી છે અને સંસદમાં બ્લોકચેન ટેકનોલોજી પર ઘણી વાર થયેલી ચર્ચા એ સંકેત આપે છે કે, જલદી આ ક્ષેત્રમાં ભારતમાં વિકાસ અને વિસ્તારની નવી સંભાવનાઓ લહેરાશે. તેથીજ ક્રિપ્ટો એનાલિસ્ટ બનવું એ ભારતમાં ખૂબ જ લાભદાયક કેરિયર વિકલ્પ છે. એમ તો આ ફિલ્ડ અત્યારે વિકસિત થઈ રહ્યું છે અને આમાં શરૂઆતમાં જોખમ જ છે. પરંતુ જે લોકો ટેકનીકી , નિવેશ અને ડેટા એનાલિસ્ટમાં રુચિ ધરાવે છે, તેઓ માટે આ ક્ષેત્ર ખૂબ જ લાભદાયક છે.

# ‘સાથ નિભાના સાથિયા’ની ગોપી બહુએ વરુણ જૈન સાથે લગ્ન કર્યા

## જિયા માણેકે વરુણ સાથે લવ મેરેજ કર્યાની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે

‘સાથ નિભાના સાથિયા’ની અભિનેત્રી જિયા માણેકે અભિનેતા વરુણ જૈન સાથે લગ્ન કરી લીધાં છે. ટીવીની એક સમયની લોકપ્રિય એક્ટ્રેસ જિયા ડેઈલી સોપમાં ગોપી બહુની ભૂમિકા ભજવવા માટે જાણીતી થઈ હતી. આખરે જિયાએ તેના પ્રેમી વરુણ જૈન સાથે લગ્ન કર્યા અને તેણે સોશિયલ મીડિયા પર તેની તસવીરો શેર કરી હતી. જિયા અને વરુણે સોશિયલ મીડિયા પર તેમના લગ્નનાં ફોટો પોસ્ટ કરીને તેમના લગ્નની જાહેરાત કરી છે. આ ફોટા અને આ ખુશખબર ઘણા લોકો માટે આશ્ચર્યજનક હતી, કારણ કે કોઈને ખબર નહોતી કે તેઓ રિલેશનશિપમાં છે. બંને તેમના અંગત જીવનને છુપાવવામાં સફળ રહ્યાં હતાં.



જિયાએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેમના માત્ર નજીકના લોકો વચ્ચે થયેલાં લગ્નની ઉજવણીનાં ફોટો શેર કર્યા. કલાકારોએ તેમનાં આ મહત્વના દિવસના ફક્ત બે ફોટો શેર કર્યા. જેમાં જિયા એક શાહી ક્રીમ અને ગોલ્ડ સાડીમાં ખૂબ જ સુંદર લાગી રહી છે. જિયાએ સાદગીભરી સિલ્કની સાડી પહેરી હતી અને તેની સાથે સાઉથ ઈન્ડિયન ટેમ્પલ જ્વેલરી પ્રકારની પરંપરાગત જ્વેલરી પહેરી હતી. જ્યારે વરુણે પણ સાદો ગોલ્ડન વ્હાઈટ ક્રીમ કૂર્તો પહેર્યો હતો. આ તસવીરો શેર કરતા, નવદંપતીએ લખ્યું, “ઈશ્વર અને ગુરુઓની કૃપાથી અને તમે બધાએ વરસાવેલા પ્રેમથી, અમે હંમેશાના બંધનમાં બંધાયા છીએ – હાથમાં હાથ મિલાવીને, હૃદયથી હૃદય સુધી. અમે બે મિત્રો હતા, આજે અમે પતિ-પત્ની છીએ.” તેમનાં કેપ્શનમાં આગળ લખ્યું હતું, “અમારા બધા પ્રિયજનોનાં પ્રેમ, આશીર્વાદ અને શુભેચ્છાઓ માટે અમે દરેકનાં ઋણી છીએ, જેમણે આ દિવસને ખાસ બનાવ્યો. શ્રી અને શ્રીમતી જીયા અને વરુણ તરીકે જીવનભર હાસ્ય, સાહસ, યાદો અને એકતાના આશા.” પોસ્ટ મુજબ, એવું લાગે છે કે જીયા અને વરુણે તમિલનાડુના ઈશા ફાઉન્ડેશનમાં ભૂત શુદ્ધિ વિવાહ કર્યો હતો. જોકે તેઓએ આ તસવીરો શેર કરી હતી, તેમાં તેમણે કમેન્ટ ઓપ્શન બંધ કરી દીધો છે. જો જિયાના કામની વાત કરીએ તો, જિયા માણેકે હિટ શો “સાથ નિભાના સાથિયા”માં ગોપીની ભૂમિકા ભજવ્યા પછી ખ્યાતિ મેળવી હતી. તે ઘણા સમય સુધી આ શોનો ભાગ રહી હતી અને દર્શકો દ્વારા તેના અભિનયને કારણે તેને ખૂબ પસંદ કરવામાં આવી હતી. દરમિયાન, વરુણ જૈન ‘દિયા ઔર બાતી હમ’માં મુખ્ય ભૂમિકા ભજવ્યા પછી ઘર-ઘરમાં જાણીતો બન્યો. અભિનેતાએ મુખ્ય પુરુષ અભિનેતાના ભાઈની ભૂમિકા ભજવી હતી. તે તાજેતરમાં ‘ગુમ હૈ કિસીકે પ્યાર મેં’માં એક મહત્વપૂર્ણ પાત્ર ભજવતો જોવા મળ્યો હતો.



# થિએટર રિલીઝ પછી મેડોકની ફિલ્મ ૨૪૦થી વધુ દેશોમાં માત્ર પ્રાઇમ વીડિયો પર જોઈ શકાશે



પ્રાઈમ વિડિયોએ મેડોક ફિલ્મ્સ સાથે એકથી વધુ વર્ષ માટે લાઈસન્સિંગ કરારની જાહેરાત કરી છે, જેનાથી આ ઓટીટી પ્લેટફર્મ પર મેડોકની આગામી આઠ ફિલ્મ માટે વિશ્વભરમાં વિશિષ્ટ સ્ટ્રીમિંગ અધિકારો આપવામાં આવ્યટા છે. આ સોદાના ભાગ રૂપે, ફિલ્મો થિયેટર રિલીઝ પછી તરત જ ૨૪૦થી વધુ દેશો અને પ્રદેશોમાં પ્રાઈમ સભ્યો માટે ઉપલબ્ધ થશે.

આ પોસ્ટ થિએટ્રિકલ લાઈસન્સિંગ ડીલ મુજબ પ્રાઈમ વીડિયો પર ૨૦૨૫થી ૨૦૨૭માં રિલીઝ થનારી મેડોકની હોરર કોમેડી યુનિવર્સની ફિલ્મો જોવા મળશે. આમ મેડોકની ફિલ્મો માટે પ્રાઈમ વીડિયો એક ખાસ સ્ટ્રીમિંગ હોમ બની જશે. આ ડીલમાં ‘થામા’થી લઈને હજુ સુધી જેના નામ જાહેર નથી થયાં એવી ફિલ્મના પણ સમાવેશ થાય છે. મેડોકની ‘સ્ત્રી ૨’ અને ‘મૂંજ્યા’ સહીતની ફિલ્મની સફળતા પછી થિએટર રિલીઝ હોય કે પછી ઓટીટી – દરેકમાં મેડોકનું પ્રભુત્વ વધી રહ્યું છે. આ ડીલ પાછળ મેડોકનો હેતુ તેમની ફિલ્મોને દુનિયાભરના ઓડિયન્સ સુધી પહોંચવાનો છે.

મેડોકની આ સ્લેટમાં સિદ્ધાર્થ મલ્હોત્રા અને જાહ્નવી કપૂરની તાજેતરની ફિલ્મ ‘પરમ સુંદરી’ પણ છે, જે ૨૯ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. અન્ય ફિલ્મોમાં ‘શિદત ૨’ અને ‘બદલાપુર ૨’ શામેલ છે, જે બે સફળ ફ્રેન્ચાઈઝી સિરીઝની ફિલ્મ છે. આ ડીલમાં શ્રીરામ રાઘવન દ્વારા દિગ્દર્શિત અને અગસ્ત્ય નંદા અભિનીત ‘ઈક્કીસ’, તેમજ વધારાના પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે જેની જાહેરાત પછી કરવામાં આવશે.

મેડોક ફિલ્મ્સ અને પ્રાઈમ વીડિયો પહેલાંથી જ એકબીજા સાથે જોડાયેલાં છે, તેમની અગાઉની ફિલ્મ ‘સ્ત્રી ૨’, ‘તેરી બાતોં મેં ઐસા ઉલઝા જિયા’, ‘સ્ત્રી’ અને અન્ય ફિલ્મ પહેલાંથી જ આ પ્લેટફોર્મ પર આવ્યા છે. આ સિરીઝમાં ‘ભૂલ ચૂક માફ’ અને સિરીઝ ‘જી કરદા’નો પણ સમાવેશ થાય છે.

મેડોક ફિલ્મ્સના સીઈઓ અને સ્થાપક દિનેશ વિજાને જણાવ્યું હતું કે, “અમે હંમેશા એવી વાર્તાઓ કહેવામાં માનતા આવ્યા છીએ જે આશ્ચર્યચકિત કરે, મનોરંજન આપે અને તેનો એક પ્રતિસાદ પણ હોય અને એવા ભાગીદારો સાથે કામ કરવામાં જેઓ આ વિચારધારામાં માને છે. અમે ઉત્સાહિત છીએ કે આ ફિલ્મો હવે થિયેટરથી આગળ તેમની સફર પ્રાઈમ વિડિયો પર ચાલુ રાખશે. વિશ્વભરના દર્શકો સુધી વધુ વ્યાપક સ્તરે મેડોકની ફિલ્મો પહોંચશે.”

# યુ ટ્યૂબની પોતાની કમાણીથી છક્ક થઈ ગઈ કોમેડિયન ભારતી સિંહ

ભારતી સિંહને આજે કોણ નથી ઓળખતું. તે ઘરઘરમાં કોમેડી કવિન તરીકે જાણીતી છે. તેણે પોતાની કારકિર્દીમાં ઘણા સંઘર્ષનો સામનો કર્યો છે સાથે પોતાના અંગત જીવનમાં પણ ઘણા ઉતાર-ચઢાવ અને ગરીબી જોઈ છે, પરંતુ આજે તે કરોડો રૂપિયા કમાઈ રહી છે. ભારતીએ તાજેતરમાં એક પોડકાસ્ટમાં તે ટીવી અને યુટ્યુબથી કેટલી કમાણી કરે છે અને તેની જીવનશૈલી કેવી છે તે અંગે મન મૂકીને વાત કરી હતી. ભારતીએ પોતે સ્વીકાર્યું હતું કે યુ ટ્યૂબ આટલી કમાણી કરાવી આપશે તેની તેને પણ જાણ ન હતી.જ્યારે ભારતી સિંહ ૨ વર્ષની હતી, ત્યારે તેના પિતાનું અવસાન થયું હતું. તેની માતાએ તેનો અને તેના ભાઈ-બહેનોનો એકલા હાથે ઉછેર કર્યો. ભારતીએ ઘણા ઈન્ટરવ્યુમાં કહ્યું છે કે એક સમય એવો હતો જ્યારે તેમની પાસે ખાવા માટે પણ કંઈ નહોતું. માતાએ બીજાના ઘરે કામ કરીને તેમને મોટા કર્યા અને તેઓ વધ્યુંઘટ્યું ખાઈને ગુજરાન ચલાવતા અને આજે પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. ભારતી સિંહ દેશની ટોચની ફીમેલ કોમેડિયન અને હોસ્ટ છે. તે કરોડો કમાઈ રહી છે અને વૈભવી જીવન જીવી રહી છે. પોતાની સાથે, ભારતીએ તેના પરિવારને પણ જાણીતો કરી દીધો છે.ભારતી સિંહે બે વર્ષ પહેલાં પોતાની યુટ્યુબ ચેનલ શરૂ કરી હતી. એક પોડકાસ્ટમાં ભારતીને પૂછવામાં આવ્યું હતું કે જો તમે ૧૦૦ રૂપિયા કમાવો છો, તો ટીવીમાંથી કેટલું આવે છે અને યુટ્યુબમાંથી કેટલું? તો ભારતીએ કહ્યું કે મારી આવકનો ૬૦% ભાગ ટીવીમાંથી અને ૪૦% ભાગ યુટ્યુબમાંથી આવે છે. હું સખત મહેનત પણ કરું છું.ભારતીએ આગળ કહ્યું જો તમે યુટ્યુબ પર પ્રામાણિકપણે કામ કરો છો, તો સફળતા મળે જ છે. હું યુટ્યુબ પર એક મહિનામાં જેટલી કમાણી કરું છું તેટલી ટીવી પર એક દિવસમાં કમાઈ શકું છું. મને બંને માધ્યમો ગમેડછે.ભારતીએ આગળ યુટ્યુબ ચેનલ શરૂ કરવાનું કારણ સમજાવતા કહ્યું કે, ‘હર્ષ કહેતો હતો કે ભારતી,ભવિષ્યમાં ટીવી બંધ થઈ જશે . કોઈ ટીવી જોશે નહીં. ચાલ યુટ્યુબ પર સાથે કંઈક કરીએ. જ્યારે મેં વ્લોગિંગ કરવાનું શરૂ કર્યું, ત્યારે મને થયું કે મારે મારું જીવન કોઈને કેમ બતાવવું જોઈએ. અને જ્યારે મેં તે શરુ કર્યું, ત્યારે મને મજા આવવા લાગી. લોકોએ ટિપ્પણીઓ કરવાનું શરૂ કર્યું. મને પ્રેમ મળવા લાગ્યો. અને પછી જ્યારે મને પૈસા મળવા લાગ્યા, ત્યારે હું તેને વધુ પ્રેમ કરવા લાગી.ભારતી એક બિઝનેસવુમન પણ છે. અમૃતસરમાં તેની મિનરલ વોટર ફેક્ટરી છે અને તેમણે ઘણા લોકોને રોજગાર આપ્યો છે. હાલમાં, ભારતીની કુલ સંપત્તિ ૨૫-૩૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે.

# જોલી એલએલબી ૩’ કાનૂની મુશ્કેલીમાં ફસાઈ

## અક્ષય કુમાર અને અરશદ વારસી પર ન્યાયતંત્રનો અનાદર કરવાનો આરોપ

બોલિવૂડની લોકપ્રિય કોર્ટરૂમ કોમેડી ફ્રેન્ચાઈઝી જોલી એલએલબી ફરી એકવાર કાનૂની મુશ્કેલીમાં ફસાઈ ગઈ છે. અક્ષય કુમાર અને અરશદ વારસીની આ ત્રીજી ફિલ્મ પર ન્યાયતંત્રની મજાક ઉડાવવા અને કાનૂની વ્યવસાયનો અનાદર કરવાનો આરોપ છે.

કેટલાક અહેવાલો મુજબ, પુણેની એક કોર્ટે તેમની આગામી ફિલ્મ ‘જોલી એલએલબી ૩’ અંગે અક્ષય અને અરશદને નોટિસ મોકલી છે. વકીલ વાજિદ ખાન બિડકરે ફરિયાદ નોંધાવ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે ફિલ્મ કાનૂની પરંપરા અને કોર્ટ કાર્યવાહીની મજાક ઉડાવે છે. બિડકરે પોતાની અરજીમાં દલીલ કરી હતી કે ‘જોલી એલએલબી ૩’ કાનૂની વ્યવસાયને નકારાત્મક રીતે દર્શાવે છે અને ન્યાયતંત્રનો અનાદર કરે છે. તેમણે એક દ્રશ્ય સામે પણ વાંધો ઉઠાવ્યો છે જ્યાં ન્યાયાધીશોને “મામુ” તરીકે ઓળખવામાં આવે છે, જે એક સ્લેંગ છે. કોર્ટે અક્ષય કુમાર અને અરશદ વારસીને ૨૮ સપ્ટેમ્બરે હાજર રહેવાનું કહ્યું છે.

આ પહેલી વાર નથી જ્યારે ‘જોલી એલએલબી ૩’ ને કાનૂની મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હોય. મે ૨૦૨૪માં, અજમેર ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશનના પ્રમુખ ચંદ્રભાણે પણ નિર્માતાઓ



વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે ફ્રેન્ચાઈઝી ભારતીય ન્યાયતંત્રનો અનાદર કરે છે. તેમની ફરિયાદમાં, ચંદ્રભાણે આરોપ લગાવ્યો હતો કે ફિલ્મમાં વકીલો અને ન્યાયાધીશોને અયોગ્ય રીતે દર્શાવવામાં આવ્યા છે, તેને “હાસ્યાસ્પદ અને અભદ્ર” બંને ગણાવ્યા હતા. તેમણે કોર્ટને ‘જોલી એલએલબી ૩’નું શૂટિંગ અટકાવવાની પણ વિનંતી કરી હતી. ચંદ્રભાણે દલીલ કરી હતી કે, જોલી એલએલબી ફ્રેન્ચાઈઝીની પ્રથમ બે ફિલ્મોના આધારે, નિર્માતાઓ, દિગ્દર્શકો અને કલાકારો ન્યાયતંત્રની ગરિમા અને પ્રતિષ્ઠા માટે ઓછો આદર દર્શાવતા દેખાયા હતા. તેમણે વધુમાં નિર્દેશ કર્યો હતો કે ‘જોલી એલએલબી ૩’નું શૂટિંગ અજમેર અને નજીકના વિસ્તારોમાં થઈ રહ્યું હતું, જેમાં ડીઆરએમ ઓફિસનો પણ સમાવેશ થાય છે અને દાવો કર્યો હતો કે શૂટિંગ દરમિયાન પણ, કલાકારો ન્યાયતંત્ર અને ન્યાયાધીશોની છબી અને સન્માન જાળવવા માટે ગંભીર દેખાતા નહોતા.

પહેલી જોલી એલએલબી ફિલ્મ ૨૦૧૩માં રિલીઝ થઈ હતી જેમાં અરશદ વારસી અને સૌરભ શુક્લા મુખ્ય ભૂમિકામાં હતા. તેની સિક્વલ ૨૦૧૭માં આવી હતી, જેમાં વારસીની જગ્યાએ અક્ષય કુમાર, હુમા કુરેશી સાથે હતા. સ્ટાર સ્ટુડિયો ૧૮ દ્વારા નિર્મિત અને સુભાષ કપૂર દ્વારા દિગ્દર્શિત ‘જોલી એલએલબી ૩’માં અગાઉની બંને ફિલ્મના સ્ટાર્સનો સમાવેશ કરાયો છે. તેમાં અક્ષય કુમાર, અરશદ વારસી, સૌરભ શુક્લા, હુમા કુરેશી, અમૃતા રાવ અને ગજરાજ રાવ જેવા કલાકારો મહત્ત્વના રોલમાં છે.



# રજનીકાંતની ‘કૂલી’ ના નિર્માતાઓ સેન્સરનાં ‘A’ સર્ટિફિકેટ સામે મદ્રાસ હાઇકોર્ટમાં પહોંચ્યા

સન ટીવી નેટવર્ક લિમિટેડે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) દ્વારા રજનીકાંતની ફિલ્મ ‘કૂલી’ને ‘A’ સર્ટિફિકેટ આપવા સામે મદ્રાસ હાઈકોર્ટમાં અરજી કરી છે, કારણ કે તેના કારણે ૧૮ વર્ષથી ઓછી ઉંમરના લોકો માટે સિનેમા થિયેટરોમાં ફિલ્મ જોવાની મંજૂરી નથી. જસ્ટિસ ટી.વી. થમિલસેલ્વીએ મંગળવારે સેન્સરનાં નિર્ણય સામે પ્રોડક્શન ફર્મ દ્વારા દાખલ કરાયેલી અપીલને જાળવી રાખવા યોગ્ય ગણાવી અને હાઈકોર્ટ રજિસ્ટ્રીને કેસને નંબર આપવા અને બુધવારે તેમની સમક્ષ પ્રવેશ માટે સૂચિબદ્ધ કરવાનો નિર્દેશ આપ્યો. હાઈકોર્ટ રજિસ્ટ્રીએ અપીલની જાળવણી પર શંકા વ્યક્ત કરી હતી અને મંગળવારે આ મામલે નિર્ણય લેવા માટે ન્યાયાધીશ સમક્ષ નંબર વગરના કેસની યાદી આપી હતી. કેન્દ્ર સરકારના વકીલ એ. કુમારગુરુએ પણ દલીલ કરી હતી કે અપીલ જાળવણી યોગ્ય નથી. જોકે, એમ. સ્નેહાની મદદથી સીનિયર વકીલ જે. રવિન્દ્રને કોર્ટને ખાતરી આપી હતી કે સીબીએફસી દ્વારા ફિલ્મને યુ/એ પ્રમાણપત્ર આપવાનો ઈનકાર હાઈકોર્ટમાં સિવિલ અપીલ દ્વારા પડકારી શકાય છે કારણ કે સિનેમેટોગ્રાફ એક્ટ, ૧૯૫૨ હેઠળ રચાયેલ ટ્રિબ્યુનલ નાબૂદ કરવામાં આવ્યું હતું.તેમણે કોર્ટનું દોર્યું હતું કે સિનેમેટોગ્રાફ એક્ટની કલમ 5C જણાવે છે કે કોઈપણ વ્યક્તિ જે ફિલ્મના સંદર્ભમાં પ્રમાણપત્ર માટે અરજી કરે છે અને ચોક્કસ પ્રમાણપત્ર જારી કરવા સામે નારાજ છે તે ૩૦ દિવસની અંદર કાયદા હેઠળ રચાયેલ ટ્રિબ્યુનલ સમક્ષ અપીલ દાખલ કરી શકે છે. અપીલના આધાર પર, પ્રોડક્શન કંપનીએ જણાવ્યું હતું કે, તેણે રજનીકાંતના ફિલ્મ ઉદ્યોગમાં ૫૦ વર્ષ પૂર્ણ થયાની ઉજવણી કરવા માટે કૂલી ફિલ્મનું નિર્માણ કર્યું હતું અને નાગાર્જુન અક્કીનેની, આમિર ખાન અને અન્ય લોકોની ભાગીદારીના કારણે આ ફિલ્મ ‘મેગા બ્લોકબસ્ટર’ બની છે.૨૮ જુલાઈના રોજ ફિલ્મ માટે CBFC સર્ટિફિકેશન માટે અરજી કરી હોવાનું જણાવતા, પ્રોડક્શન કંપનીએ કહ્યું કે ૩૧ જુલાઈના રોજ બોર્ડ તરફથી એક ઈ-મેલ પ્રાપ્ત થતાં તેઓ ચોંકી ગયાં હતાં, તેમાં કહેવામાં આવ્યું હતું કે સ્ક્રીનિંગ કમિટીને ફિલ્મ હિંસાને પ્રોત્સાહન આપતી હોવાનું જાણવા મળ્યું છે .



# નવરાત્રિ નિમિત્તે સલીમ-સુલેમાન, પાર્થિવ ગોહેલ લાવશે ‘દ્વારિકા દરબાર’નું ખાસ ગરબા વર્ઝન

### ગુજરાતના લોકપ્રિય મણિયારા સાથે રજુ થયું ‘દ્વારિકા દરબાર’ ગીત

ગુજરાતી ગીતો અને ગરબા સહિત બોલિવૂડના જાણીતા ગાયક પાર્થિવ ગોહિલની સફર હાલ કૃષ્ણમય બની ગઈ છે, તેઓ ક્રિએટિવ પ્રોડ્યુસર તરીકે દેશના જાણીતા મેગા મ્યુઝિકલ શો ‘રાજાધિરાજ’ સાથે જોડાયાં અને હવે તેમની આ સફરમાં ‘દ્વારિકા દરબાર’ જોડાયું છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીના જાણીતા સંગીતકાર બંધુઓ સલીમ-સુલેમાન ૨૦૨૦થી ‘ભૂમિ પ્રોજેક્ટ’ અંતર્ગત દર વર્ષે દેશના જાણીતા કલાકારો સાથે લોકસંગીત, શાસ્ત્રીય સંગીત સાથે વિશ્વકક્ષાનું પ્રોડક્શન બનાવે છે.

આ અંગે વાત કરતાં સલીમે નવગુજરાત સમય સાથે વાત કરતા કહ્યું, “અમે આ વર્ષનાં પ્રોજેક્ટની શરૂઆત એક આધ્યાત્મિક ગીત સાથે કરવાનું વિચાર્યું, ગયા વર્ષે હું પાર્થિવના ગરબામાં ગયો હતો, ત્યારે અમે તેને વચન આપ્યું હતું કે અમે ભૂમિમાં તેની સાથે એક ગીત કરીશું, એ વચન અમે પાળ્યું છે. મારી ઈચ્છા ગુજરાતી લોકસંગીત અને જાણીતા ગુજરાતી ગીતને એકસાથે મુકવાની હતી, તેથી અમે ‘કૃષ્ણ ભગવાન હાલ્યા’ કલબેલિયા ગાયકો પાસે કોરસમાં ગવળાવ્યું અને પાર્થિવે નવું ગીત ‘દ્વારિકા દરબાર’ ગાયું. હવે અમે નવરાત્રિ માટે ખાસ તેનું એક ગરબા વર્ઝન પણ તૈયાર કરી રહ્યા છીએ.” ગુજરાતી ફિલ્મમાં હવે સચીન જીગર અને અમિત ત્રિવેદીના ગીતો આવ્યા છે, તો સલીમે કહ્યું, “હું કચ્છી છું, ગુજરાત મારી માતૃભૂમિ છે. તો મને ગુજરાતી ફિલ્મ સંગીતમાં કામ કરવા મળશે તો ચોક્કસ કરીશ.”

પાર્થિવ ગોહિલે ભૂમિ પ્રોજેક્ટમાં કામ કરવાના અનુભવ અંગે કહ્યું, “ભારતીય સંગીતનાં શ્રેષ્ઠ પ્રોજેક્ટમાંનો એક પ્રોજેક્ટ છે, જેમાં ભારતીય લોકસંગીત, કલાકોને વિદેશી લોકો પણ માણી શકે એ મુજબનું સંગીત બને છે. આજની પેઢીના સંગીતકારો માટે આ એક યુનિવર્સિટી સમાન પ્રોજેક્ટ છે, તેમના માટે આમાં ઘણું શીખવાનું છે. હું લાંબા સમયથી મારો વારો આવે એની રાહ જોતો હતો. મારા માટે ‘રાજાધિરાજ’થી શરુ થયેલી યાત્રા ‘કૃષ્ણ દરબાર’ પર આવીને એક પ્રદક્ષિણા જાણે પુરી થઈ છે.”

રાજાધિરાજ મ્યુઝિકલ અંગે પાર્થિવ ગોહિલે કહ્યું, “અમારે ભારતમાં ક્યારેય ન થયું હોય એવું પ્રોડક્શન કરવું હતું, આ ધનરાજ નથવાણીની પરિકલ્પના છે, એક એવું પ્રોડક્શન છે, જેમાં લોકોને એક પલક ઝપકવાનો પણ સમય મળતો નથી, સેકન્ડમાં જ મંચ પર આખું ગામ બદલાઈ જાય છે. પરંતુ હવે અમે ‘રાજાધિરાજ યાત્રા’ શરૂ કરવાનું વિચારી રહ્યાં છીએ, જેમાં આ લાર્જર ધેન લાઈફ વિશાળ પ્રોડક્શનના બદલે જે શહેરમાં જેટલી વ્યવસ્થા હોય એ મુજબ, છતાં તેની અનુભૂતિ કે અસર ઓછી ન થાય એ મુજબનું પ્રોડક્શન તૈયાર કરવા વિચારી રહ્યાં છીએ. ટીમ થોડી નાની હશે પરંતુ સંગીત, સેટ કે કોસ્ચ્યુમ્સમાં કોઈ સમાધાન નહી હોય.”સંગીત અને મ્યુઝિકલ શો સાથે પાર્થિવ ગોહિલ પત્ની માનસી ગોહિલ સાથે ફિલ્મ પ્રોડક્શન ક્ષેત્રે પણ સતત સક્રિય રહે છે, આ અંગે તેમણે નવગુજરાત સમયને જણાવ્યું, “અમે હવે ‘ઝમકૂડી ૨’ પર કામ કરી રહ્યા છીએ, તેની વાર્તા નક્કી થઈ ગઈ છે. આગળનું કામ ચાલુ છે. જો ‘ગુજરાતી જલસો’ના મ્યુઝિક આલ્બમની વાત કરીએ તો તેમાં હવે આધ્યાત્મિક અને પ્રાચીન ભજનોનાં એક આલ્બમ ‘ભક્તિનો જલ્સો’ની પણ તૈયારી કરી રહ્યા છીએ, જેમાં દસ ભજનો હશે. જેમાં ગુજરાતી, નોન ગુજરાતી કલાકારો વિવિધ ભજનો લઈને આવશે.”જ્યારે પાર્થિવ ગોહિલના ગરબા મુંબઈના લોકપ્રિય ગરબામાંના એક છે, ત્યારે પાર્થિવ ગોહિલે નવરાત્રિ અંગે કહ્યું કે, “નવરાત્રિના ગરબા રમવા તો બધાંએ મુંબઈ જ આવવું પડશે. પરંતુ પ્રી નવરાત્રિ કે પોસ્ટ નવરાત્રિનું આયોજન ચોક્કસ અમદાવાદમાં થઈ શકે છે.”

# ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી ચેતેશ્વર પુજારાની નિવૃત્તિ



## મેદાન પર ઉતરવાની સાથે જ શ્રેષ્ઠ પ્રદર્શન કરવાનો પ્રયાસ શબ્દોમાં વર્ણન કરવું અશક્યઃ પુજારા

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટ્સમેન ચેતેશ્વર પૂજારા (૩૭)એ ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે. તે લાંબા સમયથી ભારતીય ટેસ્ટ ટીમની બહાર હતો. હવે તેણે પોતાની સુવર્ણ કારકિર્દીને અલવિદા કહી દીધું છે. પૂજારાએ સોશિયલ મીડિયા પર નિવૃત્તિની જાહેરાત કરતા લખ્યું કે, ભારતીય જર્સી પહેરીને મેદાન પર ઉતરવાની સાથે જ શ્રેષ્ઠ પ્રદર્શન કરવાનો પ્રયાસ શબ્દોમાં વર્ણન કરવું અશક્ય છે. કહેવાય છે કે, દરેક સારી વસ્તુનો અંત નિશ્ચિત છે. તેથી મેં ભારતીય ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો છે.પુજારાએ કહ્યું કે, 'આટલા વર્ષોથી ભારતનું પ્રતિનિધિત્વ કરવું મારા માટે ગર્વની ક્ષણ છે. અત્યાર સુધીની સફર ખૂબ જ શાનદાર રહી છે. મેં અંડર-૧૯ ભારતીય ટીમ સાથે ડેબ્યૂ કર્યું હતું, ત્યારબાદ ૨૦૧૦માં ભારતીય ટીમ સાથે જોડાયો. મને દિગ્ગજ ખેલાડીઓ સાથે રમવાની અને ટોચના કોચ સાથે કામ કરવાની તક મળી. હું બધા સાથી ખેલાડીઓ, કોચ, બીસીસીઆઈ, સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન, વિવિધ કાઉન્ટીઓ, આઈપીએલ ફ્રેન્ચાઈઝી, મીડિયા અને ચાહકોનો તેમના સમર્થન બદલ આભાર માનું છું. મારા માટે આગળ વધવાનો અને નવા ખેલાડીઓને તક આપવાનો આ યોગ્ય સમય છે. હું કોમેન્ટ્રી અને મીડિયા કાર્ય દ્વારા ક્રિકેટ સાથે જોડાયેલો રહીશ.

### ૨૦૧૦માં ટેસ્ટ ડેબ્યૂ કર્યું

ચેતેશ્વર પૂજારાએ ૨૦૧૦માં ઓસ્ટ્રેલિયા સામે ભારતીય ટેસ્ટ ટીમ માટે ડેબ્યૂ કર્યું હતું. આ પછી તે તેના સારા પ્રદર્શનના આધારે ભારતીય ટીમનો અભિન્ન અંગ બન્યો હતો. રાહુલ દ્રવિડ પછી તેને ટેસ્ટની દિવાલ કહેવામાં આવતી હતી. તેની પાસે ક્રીઝ પર ટકી રહેવાની અદ્ભુત ક્ષમતા હતી. તેની ટેકનિક ખૂબ જ મજબૂત હતી અને બોલરો તેના ડિફેન્સને ઝડપથી ભેદી શકતા ન હતા.

### ટેસ્ટ કરિયરમાં ૭૧૯૫ રન

ચેતેશ્વર પૂજારાએ ૨૦૨૩માં ઓસ્ટ્રેલિયા સામે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં પોતાની છેલ્લી મેચ રમી હતી. ત્યારથી તે ટીમની બહાર હતો. અત્યાર સુધીમાં તેણે ભારતીય ટીમ માટે ૧૦૩ ટેસ્ટ મેચમાં કુલ ૭૧૯૫ રન બનાવ્યા છે, જેમાં ૧૯ સદી અને ૩૫ અડધી સદીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તેણે ભારત માટે ૫ વનડે પણ રમી છે, જેમાં તેણે કુલ ૫૧ રન બનાવ્યા છે.

### ઓસ્ટ્રેલિયામાં યાદગાર સિરીઝ જીતાડી

ભારતીય ક્રિકેટ ટીમે ઓસ્ટ્રેલિયા સામે તેમના ઘરઆંગણે ૨-૧થી શ્રેણી જીતી હતી. ચેતેશ્વર પૂજારાએ ભારતીય ટીમને શ્રેણી જીતવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તે સમયે તેણે શાનદાર બેટિંગ કરી હતી અને શ્રેણીમાં કુલ ૫૨૧ રન બનાવ્યા હતા. તેના સારા પ્રદર્શન માટે તેને પ્લેયર ઓફ ધ સિરીઝનો એવોર્ડ મળ્યો હતો.

### ભારતીય ક્રિકેટે પુજારાના ધીરજની પ્રશંસા કરી

ચેતેશ્વર પૂજારાની કારકિર્દી દ્રઢતા અને નિઃસ્વાર્થતાનું એક તેજસ્વી ઉદાહરણ છે. તેમણે ટેસ્ટ ક્રિકેટની ભાવનાનું પ્રતિનિધિત્વ કર્યું. વિરોધી ટીમના આક્રમણને કચડી નાખવાની તેમની ક્ષમતા અને એકાગ્રતાની તેમની અપાર શક્તિએ તેમને ભારતની બેટિંગનો મુખ્ય આધારસ્તંભ બનાવ્યો: BCCI

### પુજારાને બીજી ઈનિંગ માટે અભિનંદન!

દબાણ હેઠળ તમારી મજબૂત ટેકનિક, ધીરજ અને સંયમ ટીમ માટે આધારસ્તંભ રહ્યા છે. ઓસ્ટ્રેલિયામાં ૨૦૧૮ની શ્રેણી જીતવાનું તમારા મેચ વિનિંગ રન વિના શક્ય ન હોત. અદ્ભુત કારકિર્દી માટે અભિનંદન. બીજી ઈનિંગનો આનંદ માણો! - સચિન તેંડુલકર

એક ખરા અર્થમાં યોદ્ધા. કોચ તરીકે મારા કાર્યકાળમાં તેમણે ભારતને સતત ૫ વર્ષ સુધી નંબર ૧ ટીમ બનાવવામાં અને ઓસ્ટ્રેલિયામાં સતત ૨ શ્રેણી જીતવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. શાબાશ પુજીઃ રવિ શાસ્ત્રી

જ્યારે તોફાન આવ્યું ત્યારે તે ટકી રહ્યો, જ્યારે આશા ધૂંધળી થઈ રહી હતી ત્યારે તે લડ્યો. પુજ્જીને અભિનંદનઃ ભારતના મુખ્ય કોચ, ગૌતમ ગંભીર

શાનદાર કારકિર્દી બદલ અભિનંદન! તમે આ અદ્ભુત રમતના મહાન એમ્બેસેડર રહ્યા છો. ક્રિકેટના મેદાન પર તમારી બધી સિદ્ધિઓ પર અમને બધાને ગર્વ છે. તમને, પૂજા, અદિતિ અને તમારા પિતાને શુભકામનાઓઃ અનિલ કુંબલે

ચેતેશ્વર, તમારી શાનદાર ટેસ્ટ કારકિર્દી બદલ અભિનંદન. તમારી ધીરજ, દ્રઢ નિશ્ચય અને મહેનત પ્રેરણાદાયક હતી. બીજી ઈનિંગ માટે શુભેચ્છાઓઃ વિરેન્દ્ર સેહવાગ

એક એવી વ્યક્તિ જેણે હંમેશા દેશ માટે પોતાનું મન, શરીર અને આત્મા લગાવી દીધા! ઉત્કૃષ્ટ કારકિર્દી માટે ખૂબ ખૂબ અભિનંદન પૂજીઃ યુવરાજ સિંહ

# ગાંગુલી SA20 ટીમ પ્રિટોરિયા કેપિટલ્સના મુખ્ય કોચ બન્યા



ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીને SA20 લીગની નવી સીઝન પહેલા પ્રિટોરિયા કેપિટલ્સના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ફ્રેન્ચાઈઝીએ સોશિયલ મીડિયા પર તેમની નિમણૂકની પુષ્ટિ કરી હતી. ટીમે સોશિયલ મીડિયા પર લખ્યું કે, અમને જાહેરાત કરતા ખૂબ આનંદ થાય છે કે સૌરવ ગાંગુલી અમારા નવા મુખ્ય કોચ છે.' કોઈપણ વ્યાવસાયિક ક્રિકેટ ટીમના મુખ્ય કોચ તરીકે ગાંગુલીનો આ પહેલો કાર્યકાળ હશે. મ્ઝ્રઝ્રૈં પ્રમુખ રહી ચૂકેલા ગાંગુલી ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ ક્રિકેટર જોનાથન ટ્રોટનું સ્થાન લેશે. સૌરભ માટે આ એક મોટી જવાબદારી માનવામાં આવી રહી છે.

૨૦૧૮થી ૨૦૧૯ દરમિયાન ગાંગુલી આઈપીએલ ટીમ દિલ્હી કેપિટલ્સના ટીમ ડિરેક્ટર હતા. બીસીસીઆઈના પ્રમુખ બન્યા પછી તેમણે આ પદ ખાલી કર્યું હતું. પ્રિટોરિયા કેપિટલ્સ ત્નજીઉ સ્પોર્ટ્સની માલિકીની છે જે દિલ્હી કેપિટલ્સની સહ-માલિક છે. ગાંગુલીને ગયા વર્ષે ત્નજીઉના ક્રિકેટ ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. જીછ૨૦ની ૨૦૨૫ સીઝન પહેલા ટ્રોટને મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા પરંતુ ફ્રેન્ચાઈઝી ૧૦ ગ્રુપ મેચમાંથી ફક્ત બે જીત સાથે નોકઆઉટ સુધી પહોંચવામાં નિષ્ફળ રહી હતી. ૬ ટીમોના ટી૨૦ લીગ ટેબલમાં ટીમ પાંચમાં સ્થાન પર રહી હતી.

# ત્રીજી વનડેમાં ઓસ્ટ્રેલિયાએ દ. આફ્રિકાને ૨૭૬ રનથી હરાવ્યું

## રનોની દ્રષ્ટિએ આફ્રિકાની વનડેના ઈતિહાસમાં સૌથી મોટી હારઃ ઓસ્ટ્રેલિયાના ૩ બેટ્સમેનની સદી, કોનોલીએ ૫ વિકેટ ઝડપી

ઓસ્ટ્રેલિયાએ છેલ્લી વનડે મેચમાં દક્ષિણ આફ્રિકાને ૨૭૬ રનથી હરાવીને ઐતિહાસિક જીત મેળવી હતી. બંને ટીમો વચ્ચે ત્રણ મેચની વનડે શ્રેણીની અંતિમ મેચ રવિવારે મેકે ખાતે રમાઈ હતી. ઓસ્ટ્રેલિયાએ પ્રથમ બેટિંગ કરીને બે વિકેટ ગુમાવીને ૪૩૧ રન બનાવ્યા હતા. જવાબમાં દક્ષિણ આફ્રિકા ૨૪.૫ ઓવરમાં ૧૫૫ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. આ હાર છતાં દક્ષિણ આફ્રિકાએ ઓસ્ટ્રેલિયા સામેની શ્રેણી ૨-૧થી જીતી હતી. આ પહેલા ઓસ્ટ્રેલિયાએ ત્રણ મેચની ટી૨૦ શ્રેણીમાં દક્ષિણ આફ્રિકાને ૨-૧થી હરાવ્યું હતું.

ટ્રેવિસ હેડ (૧૪૨), કેપ્ટન મિશેલ માર્શ (૧૦૦) અને કેમેરોન ગ્રીન (૧૧૮ અણનમ)ની પ્રથમ વનડે સદીએ ઓસ્ટ્રેલિયાને બીજા શ્રેષ્ઠ વનડે સ્કોર (૪૩૧-૨) સુધી પહોંચાડ્યું હતું. જવાબમાં આફ્રિકન ટીમ ફક્ત ૧૫૫ રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ હતી. આફ્રિકન ટીમ તરફથી ડેવાલ્ડ બ્રેવિસ સૌથી વધુ રન (૪૯) બનાવનાર ખેલાડી હતો. ઓસ્ટ્રેલિયા તરફથી કૂપર કોનોલીએ ૨૨ રન આપીને ૫ વિકેટ લીધી હતી. નોંધનીય છે કે, ઓસ્ટ્રેલિયા ૨૦૦૬માં દક્ષિણ આફ્રિકા સામે બનાવેલા ૪૩૪-૪ના તેના અત્યાર સુધીના સૌથી વધુ વનડે સ્કોરથી થોડું દૂર રહ્યું હતું.



# એશિયન શૂટિંગમાં ઐશ્વર્ય પ્રતાપે ગોલ્ડ પર નિશાન સાધ્યું

ભારતીય શૂટર ઐશ્વર્ય પ્રતાપ સિંહ તોમરે એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. પુરુષોની ૫૦ મીટર રાઈફલ થ્રી પોઝિશન ઈવેન્ટમાં તેણે શાનદાર પ્રદર્શન કરીને ગોલ્ડ પર નિશાન સાધ્યું હતું. તોમર ૪૬૨.૫ પોઈન્ટ સાથે ટોચ પર રહ્યો હતો. ચીનના વેન્યુ ઝાઓએ ૪૬૨ પોઈન્ટ સાથે સિલ્વર મેડલ અને જાપાનના નાઓયા ઓકાડાએ ૪૪૫.૮ પોઈન્ટ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. તોમરે ઈવેન્ટમાં મોટાભાગની સ્પર્ધામાં લીડ જાળવી રાખી હતી. ૨૪ વર્ષીય શૂટરે નીલિંગ પોઝિશનમાં સારું પ્રદર્શન કર્યું હતું પરંતુ પ્રોન પોઝિશનમાં તે તેનું પુનરાવર્તન કરી શક્યો નહોતો. જોકે, તેણે સ્ટેન્ડિંગ રાઉન્ડમાં સારું પ્રદર્શન કર્યું હતું અને સ્પર્ધાના અંતિમ તબક્કામાં ૧.૫ પોઈન્ટથી વધુની લીડ સાથે વિજેતા બન્યો હતો.તોમરનું આ બીજું એશિયન ટાઈટલ છે. તેણે અગાઉ ૨૦૨૩માં પણ ગોલ્ડ મેડલ જીત્યો હતો. જોકે, ૨૦૨૪માં જકાર્તામાં યોજાયેલા સેશનમાં સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. આ ઈવેન્ટમાં અન્ય ભારતીય શૂટર્સમાં ચેન સિંહ ચોથા સ્થાને રહ્યો હતો, જ્યારે અખિલ શિઓરન ફાઈનલમાં પાંચમા સ્થાને રહ્યો હતો. અગાઉ તોમર, ચેન સિંહ અને શિઓરનની ભારતીય ત્રિપુટીએ ૫૦ મીટર રાઈફલ ૩ પોઝિશન ટીમ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો. તોમર કુલ ૫૮૪ પોઈન્ટ સાથે ક્વોલિફિકેશનમાં ત્રીજા સ્થાને રહ્યો હતો.



# સાઉથ આફ્રિકાની સૌથી મોટી હાર, ઓસ્ટ્રેલિયાએ તોડ્યો ટીમ ઈન્ડિયાનો રેકોર્ડ

સાઉથ આફ્રિકાએ પોતાના ઓસ્ટ્રેલિયા પ્રવાસનો અંત શરમજનક હાર સાથે કર્યો છે. ૩ મેચની ODI સિરીઝની પહેલી બે મેચમાં યજમાન ઓસ્ટ્રેલિયાને હરાવનાર સાઉથ આફ્રિકા ત્રીજી અને અંતિમ મેચમાં જીતનું ફોર્મ જાળવી શક્યું નહીં.

છેલ્લી મેચમાં ઓસ્ટ્રેલિયાએ જોરદાર વાપસી કરી અને સાઉથ આફ્રિકાને ખૂબ જ ખરાબ રીતે હરાવ્યું. આ રીતે સાઉથ આફ્રિકાના નામે એક ખૂબ જ શરમજનક રેકોર્ડ નોંધાઈ ગયો.

પહેલા બેટિંગ કરતા ઓસ્ટ્રેલિયાએ ૩ બેટ્સમેનોની સદીઓની મદદથી ૫૦ ઓવરમાં ૨ વિકેટ ગુમાવીને ૪૩૧ રનનો વિશાળ સ્કોર બનાવ્યો. ઓસ્ટ્રેલિયા તરફથી ટ્રેવિસ હેડ, કેપ્ટન મિચેલ માર્શ અને કેમરુન ગ્રીને શાનદાર સદી ફટકારી. ઓસ્ટ્રેલિયાના પર્વતીય સ્કોરના જવાબમાં સાઉથ આફ્રિકાના બેટ્સમેન હાર્યા અને આખી ટીમ માત્ર ૨૪.૫ ઓવરમાં ૧૫૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. આમ સાઉથ આફ્રિકાએ ODI ક્રિકેટના ઈતિહાસમાં તેની સૌથી મોટી હારનો સામનો કરવો પડ્યો. ઓસ્ટ્રેલિયાએ આફ્રિકન ટીમને ૨૭૬ રનથી હરાવ્યું અને આ રીતે યજમાન ટીમ સિરીઝમાં ક્લીન સ્વીપથી બચી ગઈ.



આ પહેલા સાઉથ આફ્રિકાને વર્ષ ૨૦૨૩ માં ભારત સામે ODIમાં સૌથી મોટી હારનો સામનો કરવો પડ્યો હતો. ટીમ ઈન્ડિયાએ સાઉથ આફ્રિકાને ૨૪૩ રનથી હરાવ્યું હતું. હવે ભારતીય ટીમનો આ રેકોર્ડ ઓસ્ટ્રેલિયાના નામે નોંધાઈ ગયો છે. રનની દ્રષ્ટિએ પણ આ ઓસ્ટ્રેલિયાની ODIમાં બીજી સૌથી મોટી જીત છે.

સાઉથ આફ્રિકા તરફથી ડેવાલ્ડ બ્રેવિસે સૌથી વધુ ૪૯ રનની ઈનિંગ રમી. ઓસ્ટ્રેલિયા તરફથી બોલિંગમાં કૂપર કોનોલીએ ધૂમ મચાવી. કૂપર કોનોલીએ એકલાએ સાઉથ આફ્રિકાની અડધી ટીમને પેવેલિયન મોકલી દીધી. તેને ૬ ઓવરમાં ૨૨ રન આપીને ૫ વિકેટ લીધી.ઓસ્ટ્રેલિયા ત્રીજી મેચ જીતવામાં સફળ રહ્યું હતું, પરંતુ સાઉથ આફ્રિકાએ પહેલી બે મેચ જીતીને સિરીઝ ૨-૧થી જીતી લીધી હતી. હવે સાઉથ આફ્રિકાની ટીમ આવતા મહિને ઈંગ્લેન્ડનો પ્રવાસ કરશે. આ પ્રવાસમાં T20I અને ODI બંને સિરીઝ રમાશે. આ માટે સાઉથ આફ્રિકાએ પોતાની ટીમની જાહેરાત પણ કરી દીધી છે.



# સુરત મહા નગર પાલિકા દ્વારા યોજાયેલ કવિ નર્મદ જન્મ જયંતિ

## કવિ નર્મદની પ્રતિમાને સુતરાંજલી અર્પણ કરતા મેયર દક્ષેશ માવાણી

સુરત, તા.૨૫

સુરત મહાનગરપાલિકા દ્વારા કવિશ્રી નર્મદ જન્મજયંતિ નિમિત્તે તા.૨૪/૦૮/૨૦૨૫ને રવિવારના રોજ સવારે ૮.૩૦ કલાકે આમલીરાન, ગોપીપુરા ખાતે આવેલ કવિશ્રી નર્મદના નિવાસસ્થાન સરસ્વતી મંદિર તથા સવારે ૯.૦૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે આવેલ કવિશ્રી નર્મદની પ્રતિમાને સુતરાંજલી સહ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

૨૪મી ઓગષ્ટ ૧૮૩૩ના દિવસે પુણ્ય સલિલા તાપી તટે વસેલ સુરતમાં જન્મેલા કવિશ્રી નર્મદએ "કલમ, હવે તો તારે ખોળે છઉં" કહીને માત્ર કલમની કમાણી પર જીવવાનો નિર્ધાર કરનારે ગુજરાતી સાહિત્યમાં કવિતા, નિબંધ, કોષ, જીવન કથા સહિત પ્રથમ આત્મકથા આપી છે. પ્રેમશૌય અંકિત કરનારા તથા સમાજમાં પ્રવર્તતી અંધશ્રધ્ધા, કુરિવાજો સામે લડતાં લડતાં વિધવા પુનઃલગ્ન કરી સમાજ સુધારાની ચળવળને આગળ ધપાવનાર "સુધારક યુગ"ના પ્રવર્તક એવા કવિશ્રી નર્મદની જન્મજયંતિ પ્રસંગે તા.૨૪/૦૮/૨૦૨૫ના રોજ સવારે ૮.૩૦ કલાકે સુરતના સપૂત કવિશ્રી નર્મદની ભાતીગળ સાંસ્કૃતિક વારસાની જાળવણી અર્થે આમલીરાન સ્થિત કવિશ્રી નર્મદના નિવાસસ્થાન "સરસ્વતી મંદિર" ખાતે માન.મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી, ડે.મેયરશ્રી ડો.નરેન્દ્રભાઈ પાટીલ, શાસક પક્ષ નેતા શ્રીમતી શશીબેન ત્રિપાઠી, શાસક પક્ષના દંડકશ્રી ધર્મેશકુમાર વાણીયાવાલા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી સોનલબેન દેસાઇ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ અને સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓએ કવિશ્રી નર્મદની પ્રતિમાને સુતરાંજલી અર્પણ કરી વંદના કરી હતી. ત્યારબાદ કવિશ્રી નર્મદના નિવાસસ્થાન "સરસ્વતી મંદિર" ખાતેથી નીકળી તમામ મહાનુભાવો, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, નર્મદપ્રેમી નગરજનોએ સવારે ૯.૦૦ કલાકે ચોકબજાર ગાંધી બાગ ખાતે કવિશ્રી નર્મદની પ્રતિમાને સુતરાંજલી સહ વંદના કરી હતી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના બાળકો દ્વારા કવિશ્રી નર્મદને પ્રિય લોકગીત "જય જય ગરવી ગુજરાત" અને "સહુ ચલો જીતવા જંગ, બ્યુગલો વાગે, યા હોમ કરીને પડો ફતેહ છે આગે" ના નારા સાથે કવિશ્રી નર્મદની પ્રતિમાને પુષ્પો અર્પણ કરી વંદના કરી હતી.

# ધરમપુરની યુવતીને લગનની લાલચ આપી યુવકે દગો કર્યો

## બિલીમોરા પોલીસ મથકમાં યુવક વિરુદ્ધ ફરિયાદ

બિરીમોરા, તા.૨૫

ધરમપુરમાં વસવાટ કરતી સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર મહિલા (ઉંમર ૩૪) એ બીલીમોરા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરીયાદ નોંધાવી છે કે, રોની સંજયભાઇ કેવટ (રહે. બીલીમોરા બંદર રોડ, અગીયારી સ્ટ્રીટ, તા. ગણદેવી, જી. નવસારી) એ લગ્ન કરવાની લાલચ આપી લાંબા સમય સુધી તેના સાથે શારીરિક સબંધ બાંધી છે પરંતુ આજદીન સુધી લગ્ન કર્યા નથી.

ફરીયાદ મુજબ, મહિલા વર્ષ ૨૦૧૯માં ધરમપુર ખાતે દોઢીયા કલાસ શીખવા જતા ફેની કેવટ સાથે પરિચિત થઇ હતી. બાદમાં, જુલાઇ-૨૦૨૧માં ફેની દ્વારા અમદાવાદ મોડેલિંગ માટે બોલાવતાં તેઓ બીલીમોરા આવ્યા હતા અને ત્યાં પ્રથમવાર રોની કેવટ સાથે મુલાકાત થઈ. બાદમાં મોબાઈલ પર વાતચીત અને મુલાકાતોથી મિત્રતા વધતી ગઈ. ફરીયાદમાં જણાવ્યા અનુસાર, સપ્ટેમ્બર-૨૦૨૧માં આંતલીયા નજીક મામાદેવ મંદિરે રોનીએ મહિલાને લગ્ન માટે પ્રસ્તાવ મુક્યો અને ત્યાંથી નજીકની ઝાડીવાળી જગ્યાએ લઇ જઈ જબરદસ્તી શારીરિક સબંધ બાંધ્યો. “હું તને પ્રેમ કરું છું અને તારી સાથે જ લગ્ન કરીશ” એવી લાલચ આપતા ત્યારબાદ પણ અનેક વખત અલગ અલગ સ્થળોએ તેઓએ શારીરિક સબંધ બાંધ્યા હતા. પરંતુ, વર્ષ ૨૦૨૫ના ફેબ્રુઆરી સુધી અનેકવાર સબંધ બાંધ્યા બાદ પણ લગ્ન કરવા સ્પષ્ટ ના પાડી દીધી હોવાનો આક્ષેપ મહિલા દ્વારા કરવામાં આવ્યો છે. આરોપણ મુજબ, રોની કેવટે શરૂઆતથી જ લગ્નની લાલચ આપી શારીરિક સબંધ બાંધ્યા અને ગાળા-ગાળી કરતો આવ્યો છે. હાલ મહિલા પોતાના પરિવાર તથા વકીલની સલાહ બાદ કાયદેસર ફરિયાદ નોંધાવવા આગળ આવ્યા છે. ફરીયાદને આધારે બીલીમોરા પોલીસ દ્વારા ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસ તપાસના તબક્કે સાક્ષીઓ તથા અન્ય પુરાવા એકત્રિત કરવાની કામગીરી ચાલુ છે.

### દિલ્હીમાં
પહેલા પાનાનું ચાલુ

આ સ્પષ્ટ કરે છે કે હુમલો કોઈ અચાનક થયેલા વિવાદનું પરિણામ નહોતું, પરંતુ એક સુનિયોજિત કાવતરાનો ભાગ હતો. પોલીસ હવે આ વ્યવહારના તળિયે જવાનો પ્રયાસ કરી રહી છે અને શોધી રહી છે કે પૈસાનો વાસ્તવિક સ્ત્રોત ક્યાંથી આવ્યો અને આ બધા પાછળ કોણ હોઈ શકે છે.

દિલ્હી પોલીસનો સ્પેશિયલ સેલ આ કેસની તપાસ કરી રહ્યો છે. અધિકારીઓનું કહેવું છે કે ફંડિંગ એંગલમાં સામેલ દરેક વ્યક્તિની ઓળખ કરવામાં આવી રહી છે. એ પણ તપાસ કરવામાં આવશે કે આરોપીને મુખ્યમંત્રી પર હુમલો કરવા માટે કોણે અને શા માટે ઉશ્કેર્યો. ધરપકડ બાદ, પોલીસ હવે તેની પૂછપરછ કરી રહી છે જેથી આ હુમલા પાછળનું સમગ્ર કાવતરું બહાર આવી શકે.

થોડા દિવસો પહેલા, મુખ્યમંત્રી રેખા ગુપ્તા પર એક જાહેર કાર્યક્રમ દરમિયાન હુમલો કરવામાં આવ્યો હતો. જોકે હુમલામાં તેમને ગંભીર ઈજાઓ થઈ ન હતી, પરંતુ આ ઘટનાએ રાજધાનીમાં સુરક્ષા વ્યવસ્થા પર મોટા પ્રશ્નો ઉભા કર્યા છે.

### ગુજરાત, યુપી ,
પહેલા પાનાનું ચાલુ

જેવા રાજયમાં પ્રદેશ પ્રમુખ અંગે જે રીતે દ્વીધા છે તેના કારણે યોગી સરકારના સાથી પક્ષો માને છે કે ભાજપને ભીડવવાનો આ શ્રેષ્ઠ સમય છે.

ગુજરાતમાં આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજયના પ્રવાસે છે અને સાંજે રાજભવનમાં તેઓ મુખ્યમંત્રી સહિત પક્ષના અગ્રણી નેતાઓને મળશે તેવી ચર્ચા છે. બીજી તરફ તા.૭થી જોધપુરમાં આરએસએસની ત્રણ દિવસની સંકલન બેઠક યોજાશે.

જેમાં સંઘના વડા મોહન ભાગવત ઉપરાંત સંઘની તમામ સહયોગી સંસ્થા જેમાં ભાજપનો પણ સમાવેશ તેના સહિત ૩૨ સંગઠનોના પ્રતિનિધિ હાજર રહેશે અને તેમાં ભાજપના નવા રાષ્ટ્રીય પ્રમુખ પણ ઉપસ્થિત રહી શકે છે.

હાલના તબકકે અપેક્ષિતમાં જે.પી.નડ્ડાનું નામ છે. સૂત્રો કહે છે આ પુર્વે ભાજપના નવા રાષ્ટ્રીય પ્રમુખ નિશ્ચિત થશે. ભાજપ કોઈ રીતે એ સંકેત આપવા માંગતો નથી કે નવા રાષ્ટ્રીય પ્રમુખનું નામ સંઘે નિશ્ચિત કર્યુ છે. આમ તા.૭ સપ્ટેમ્બર મહત્વની બની ગઈ છે. બીજી તરફ એ પણ સંકેત છે કે દિલ્હીમાં ગુજરાત-યુપી સહિતના ભાજપના પ્રદેશ પ્રમુખોના નામો નિશ્ચિત છે. એક વખત તમામ શેડયુલને લીલીઝંડી મળે કે તુર્તજ તેની જાહેરાત પ્રક્રિયા આગળ વધશે.

### બુલંદશહરમાં
પહેલા પાનાનું ચાલુ

એસ.પી. ડો. તેજવીર સિંહે આ મામલે જાણકારી આપતાં કહ્યું કે ઘટાલ ગામ નજીક એક ટ્રેક્ટર ટ્રોલીને પાછળથી બેફામ આવતી કન્ટેનર ટ્રકે જોરદાર ટક્કર મારી હતી જેના કારણે આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

### ચેમ્બર
પેજ-૨ પાનાનું ચાલુ

સમૃદ્ધિ, યુવા તથા કુશળ માનવબળ અને પ્રાદેશિક બજારોમાં પ્રાથમિક પ્રવેશ સાથે ઝિમ્બાબ્વે આકર્ષક રોકાણ સ્થળ છે. ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચેના સંબંધો પરસ્પર સન્માન અને સંયુક્ત સમૃદ્ધિના પાયા ઉપર વર્ષોથી ટકેલા છે. આજે અમે આ સંબંધોને વધુ ઊંચા સ્તરે લઈ જવા માગીએ છીએ, જે મોટા રોકાણો, અદ્યતન ટેક્નોલોજી અને બંને દેશોને મૂલ્ય આપતા વ્યાપાર મોડલો દ્વારા નિર્ધારિત થાય.

દક્ષિણ આફ્રિકાના મધ્યસ્થાનમાં સ્થિત ઝિમ્બાબ્વે, ઝડપથી વિકસતી લોજિસ્ટિક્સ અને ટ્રાન્સપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે, આફ્રિકન કોન્ટિનેન્ટલ ફ્રી ટ્રેડ એરિયાનો કુદરતી પ્રવેશદ્વાર છે. જે ૧.૪ અબજ લોકો અને યુ.એસ. ડોલર ૩.૪ ટ્રિલિયનથી વધુ જીડીપી ધરાવતું એકીકૃત બજાર છે. હાલમાં ૨૫ થી વધુ ભારતીય કંપનીઓ ઝિમ્બાબ્વેમાં સફળતાપૂર્વક કાર્યરત છે, જેમાં Surface Wilmar Investments અને Varun Beveragesનો સમાવેશ થાય છે.

તેમણે રોકાણની તકો વિશે જણાવતા કહ્યું હતું કે, ઝિમ્બાબ્વે પ્રીમિયમ કપાસનું ઉત્પાદન કરે છે. તેથી ગુજરાતના ટેક્સટાઈલ ઉદ્યોગ સાથે ભાગીદારી કરીને વૈશ્વિક બજારોમાં નવા દ્વાર ખોલી શકાય. સાથે જ માઈનિંગ અને મિનરલ વેલ્યુ એડિશનમાં લિથિયમ, સોનું, પ્લેટિનમ, હીરા સહિત ૬૦થી વધુ ખનિજો, લિથિયમ બેટરી, મિનરલ પ્રોસેસિંગ અને ડાયમંડ કટિંગ—પોલિશિંગમાં વિશાળ સંભાવનાઓ રહેલી છે, જ્યારે ઊર્જા અને રિન્યુએબલ્સ ક્ષેત્રે સોલાર, હાઈડ્રો અને બાયોમાસ પ્રોજેક્ટમાં રોકાણની વિશાળ તકો રહેલી છે. ઝિમ્બાબ્વે MICE ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ક્રિકેટ સ્ટેડિયમોમાં રોકાણ કરવા માટે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકોને આમંત્રિત કર્યા હતા.

# ક્રિકેટના ઝઘડામાં આરોપીના જામીન મંજૂર કરતી અદાલત

સુરત, તા.૨૫

આ કેસની વિગત એવી છે કે વેસુ એસએમસી આવાસ ખાતે રહેતા નામદેવ શંકર પવારએ ૧૧ ઓગસ્ટે આરોપી સાહિલ અલ્લારખા શેખ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે એસ.એમ.સી. આવાસ પાસે નામદેવ પવારના પુત્ર રાજેશ સાથે સાહિલ નો ક્રિકેટ રમવા બાબતે ઝઘડો થયો હતો ત્યારે સાહિલે રાજેશ ઉપર બેટ વડે હુમલો કરી દીધો હતો.આ અંગે વેસુ પોલીસ સ્ટેશનમાં સાહિલ ફરિયાદ દાખલ થઈ હતી. આરોપી સાહિલ સિનિયર એડવોકેટ જાવીદ મુલતાની મારફતે સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. બચાવ પક્ષે દલીલો કરી હતી કે સામાન્ય બોલાચાલી થયેલ, ક્રિકેટ રમવાની બાબતમાં ધક્કા મૂકી થયેલ અને પડી જવાથી ઈજા થયેલ છે. કોર્ટે બચાવ પક્ષની દલીલો ધ્યાને લીધી હતી.

# કિશોરી સાથે દુષ્કર્મ કેસમાં આરોપીને જામીન આપતી કોર્ટ

સુરત, તા.૨૫

પાંડેસરા ખાતે કિશોરીને ભગાડી જઈ શારીરિક સંબંધ બાંધવાના આક્ષેપિત કેસમાં આરોપીના જામીન કોર્ટે મંજુર કર્યા હતા.

આ કેસની વિગત એવી છે કે, પાંડેસરા ખાતે રહેતો ધર્મવીર રાજેશ કુમાર(ઉ.વ.૨૧) સામે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે, ધર્મવીરે સ્થાનિક વિસ્તારમાં રહેતા પરિવારની સગીરાને લગ્નની લાલચ આપી કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ જઈ શારીરિક સંબંધો બાંધ્યા હતા. પાંડેસરા પોલીસે ધર્મવીર સામે ફરિયાદ નોંધી હતી. આરોપી ધર્મવીરે વકીલ વિપુલ શુકલા મારફતે જામીન અરજી કરી હતી. જે કોર્ટે મંજુર કરી હતી.



**સંસ્કારભારતી વિદ્યાલય ખાતે યોજાયેલ આંતરશાળા. લોકનૃત્ય સ્પર્ધામાં પ્રેસિડન્સી સ્કૂલ ગુજરાતી માધ્યમની કૃતિએ તૃતીય ક્રમ અને અંગ્રેજી માધ્યમની પ્રસ્તુત થયેલ કૃતિએ આશ્વાસન ઈનામ મેળવ્યું છે. સમગ્ર ટીમ તથા કૃતિ તૈયાર કરાવનાર શિક્ષકોને આચાર્યા કુ. દીપિકા શુક્લ, ટ્રસ્ટીવર્ય પ્રાધ્યાપક એન.એમ.કારિયા તથા ટ્રસ્ટીવર્ય શ્રી હિતેન્દ્રભાઈ ચુડાવાળાએ અભિનંદન આપી બિરદાવ્યા હતા.**

ઝિમ્બાબ્વેના કેબિનેટ મંત્રી માનનીય શ્રી રાજ મોદીએ જણાવ્યું હતું કે, ઝિમ્બાબ્વે રોકાણકારો માટે એક સુરક્ષિત દેશ છે. ભારતીય રોકાણકારો કોઈપણ પ્રકારના ભય વિના ઝિમ્બાબ્વે રોકાણ કરી પોતાના વ્યવસાયનો વ્યાપ વધુ વધારી શકે છે. રોકાણકારોને ઈઝી ટુ બિઝનેસની અનેક પ્રકારની સવલતો ઝિમ્બાબ્વેમાં આપવામાં આવે છે. દક્ષિણ ગુજરાતના ફાર્માસ્યુટિકલ્સના ઉદ્યોગ સાહસિકો સમક્ષ ઝિમ્બાબ્વેના ફાર્માસ્યુટિકલ્સ ક્ષેત્રે રોકાણ કરવાની અને ઝિમ્બાબ્વેના આ ઉદ્યોગના આધુનિકીકરણ માટેની વિશેષ તકો રહેલી છે.

ઝિમ્બાબ્વેના કેબિનેટ મંત્રી માનનીય શ્રી ટોંગાઈ માફીદી મનાંગાગ્વાએ જણાવ્યું હતું કે, ‘ઝિમ્બાબ્વે પર્યટનનો અનુભવ લેવા માટે એક સુંદર સ્થળ છે. દેશમાં વિશ્વપ્રસિદ્ધ વિક્ટોરિયા ફોલ્સ સહિત અનેક આકર્ષણો અને વાઈલ્ડ લાઈફ છે. ઉપજાઉ જમીન અને પૂરતા જળસ્ત્રોં સાથે ઝિમ્બાબ્વે ભવિષ્યમાં પ્રાદેશિક ફૂડ બની શકે છે. પ્લાસ્ટિક વેસ્ટ રીસાયકલિંગ અને પર્યાવરણીય ટકાઉ પ્રોજેક્ટ્સનું નિર્માણ કરીને ભારતીય ઉદ્યોગકારો પોતાના વ્યવસાયનો વ્યાપ વધારી શકે છે. સાથે જ AI, ICT, સ્ટાર્ટઅપ્સ અને R&D માં ભારતના સહકાર દ્વારા આફ્રિકન ટેક હબ બનવાનું લક્ષ્ય ઝિમ્બાબ્વે રાખે છે.’

બારડોલીના સાંસદ માનનીય શ્રી પરભુભાઈ વસાવાએ આ પ્રસંગે ભારત અને ઝિમ્બાબ્વે સુમેળ સંબંધો વિશે ચર્ચા કરી હતી. તેમણે સુરતને ભારતનું એક મહત્વનું ઔદ્યોગિક શહેર અને મિની ભારત તરીકેની ઓળખ ઝિમ્બાબ્વેના પ્રતિનિધિમંડળને કરાવી હતી.

### ભગવા
પેજ-૨ પાનાનું ચાલુ

મામલતદાર એચ.ડી. ચોપડાનાં હસ્તે મહાનુભવોની પ્રેરક ઉપસ્થિતિમાં આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં. જેમને કરંજનાં સી.આર.સી. કો-ઓર્ડિનેટર વિજય પટેલ, ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં કાર્યવાહક પ્રમુખ ચિરાગ પટેલ, મહિલા ઉપપ્રમુખ જાગૃતિ પટેલ તથા કેન્દ્ર સંલગ્ન પ્રાથમિક શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતાં.

### ક્રોધ એ
પેજ-૨ પાનાનું ચાલુ

પ્રાણાયામ, શ્રદ્ધા અને સભાનતા એ શાંતિના ઉપાયો છે. અંતે તો ખુદ પરનો ભરોસો જ શાંતિનો ખરો આત્મા છે.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના વરાછા સેન્ટરના બી. કે. તૃપ્તિબેન જીવન અને શાંતિ વિષય ઉપર બોલતા જણાવ્યું હતું કે,દેહથી સ્વતંત્ર અમર આત્મા છે. આત્માના પ્રકાશને અનુભવવો એટલે પરમશાંતિને અનુભવ કરવો. વધુમાં તેમને જણાવ્યું હતું કે, વિચારોને ધીમીગતિએ અનુભવવા તે શાંતિ છે.આપણે બધા અણધાર્યા જીવનથી પરિચિત છીએ અચાનક કોઈ આવી પડેલ વિપત્તિના સમયે શાંતિ જાળવવી તે ખરી શક્તિ છે. રોજે રોજ જીવનમાં શાંતિનો અનુભવ કરવો હોય તો

મહત્વના ચાર મુદાઓ ઉપર વધુ ધ્યાન રાખવાની જરૂર છે. (૧) નો કમ્પેરીઝન — જીવનમાં શાંતિ જાળવી રાખવી હોય તો ક્યારેય બીજા સાથે સરખામણી કરવી જોઈએ નહી. (૨) નો કોમ્પેટીશન —અશાંતિ હરીફાઈ માંથી જન્મે છે. ક્યારેય જીવનની કોઈપણ બાબતમાં હરીફાઈમાં ઉતરવું જોઈએ નહી. (૩) નો ક્રીટીઈઝમ - ક્યારેય કોઈ ની ટીકા કરી નકારાત્મક વિચારો જીવનમાં રાખવા જોઈએ નહિ. (૪) નો કરેકશન — કોઈને સુધારવા માટે મનને અશાંત ન કરવું જોઈએ. જીવનમાં જે કરો તે બેસ્ટ કરો જેથી સંતોષ મળે અને સંતોષથી શાંતિ મળે છે. શાંતિએ જીવન જીવવાનું પ્રેરક બળ છે. તેનું જતન કરવુ જોઈએ.

### લાયન્સ કલબ
પેજ-૨ પાનાનું ચાલુ

અગ્રવાલ, જીફફ્રર્ય લાયન જે.બી. રાવ, તેમજ લાયન ધીરુભાઈ, લાયન પુરુષોત્તમભાઈ, લાયન જયેશભાઈ ,લાયન કિરીટભાઈ આગમન તમામ માટે પ્રેરણારૂપ રહ્યો.

ઝોનની કોર ટીમના સહયોગ અને માર્ગદર્શનથી મીટિંગ વધુ ઘનિષ્ઠ અને પરિણામકારક બની. લાયન્સના વિવિધ સેવાના કાર્યક્રર્મોની તૈયારી, યોજનાઓ અને અમલ અંગે વિગતવાર ચર્ચાઓ કરવામાં આવી.

આ મીટિંગે લાયન્સ સભ્યોમાં નવા ઉમંગ અને સેવા પ્રત્યે વધુ જાગૃતિ લાવી છે. કાર્યક્રમના અંતે ઝોન ચેરમેન લાયન ભાવિન પરમારે જણાવ્યું કે, “આપનો સહકાર અમારા માટે ઉર્જાનો સ્ત્રોત છે. આવનારા સમયમાં પણ આવી જ સક્રિય ભાગીદારીની આશા સાથે લાયન્સ સેવા યાત્રા સતત ચાલુ રહેશે.”

આપણે સૌ મળીને વધુ મજબૂત અને અસરકારક સેવા આપી શકીશું — એજ ધ્યેય સાથે મીટિંગનું સમાપન કરવામાં આવ્યું.



# અંભેટા-નરથાણ ખાતે શ્રાવણ માસ નિમિત્તે લોકડાયરો યોજાયો

## શ્રી સિધ્ધનાથ પેટ્રોલિયમ દ્વારા ફરાળી ભંડારનું પણ આયોજન

સુરત, તા.૨૫

સાથો-સાથ કાંઠા વિસ્તાર નાં ૨૫ જેટલાં સરપંચો,ડે.સરપંચ,સામાજિક અગ્રણીઓનું પણ સન્માન કરાયું.દર રવિવારે સુરત જિલ્લા નાં જાણીતા લોક સાહિત્યકાર રાકેશ જોગી સહિત લોક ગાયક વિમલ પટેલ સહિત સાથી કલાકારો એ લોકડાયરા ની રમઝટ બોલાવી ઓલપાડ અંભેટા-નરથાણ રોડ પર અંભેટા ગામની સીમ માં કાર્યરત"શ્રી સિધ્ધનાથ પેટ્રોલિયમ"માલિક સંજયભાઈ પટેલ સહિત તેમનાં નાં પરિવારજનો હર-હંમેશ સેવાકીય પ્રવૃતિ સાથે સંકળાયેલો આ"શ્રી સિધ્ધનાથ પેટ્રોલિયમ ખાતે છેલ્લા અવનવી સેવાકીય પ્રવૃત્તિઓ કરી ગરીબ લોકો ને મદદરૂપ થાય છે.સેવાકીય પ્રવૃત્તિ જેવી કે સર્વ રોગ નિદાન કેમ્પ,રક્તદાન કેમ્પ નું આયોજન કરી કાંઠા વિસ્તાર નાં લોકો ને મદદરૂપ થાય તેવી પ્રવૃત્તિઓ કરતાં રહે છે શ્રાવણ માસ દરમિયાન હજારોની સંખ્યામાં કાવરયાત્રીઓ અને પદયાત્રીઓ ઓલપાડ તાલુકાના સરસ ગામે અનેક દંતકથાઓ સાથે સંકળાયેલુ એવું સિધ્ધનાથ મહાદેવ મંદિર એ જતાં હોય છે.ત્યારે આ કાવર-પદયાત્રીઓ માટે સુરત-દાંડી રોડ પર અંભેટા-નરથાણ ગામ ની સીમ ની વચ્ચોવચ અંભેટા ગામ ખાતે ની સીમ માં આવેલ"શ્રી સિધ્ધનાથ પેટ્રોલિયમ"ખાતે માલિક સંજયભાઈ પટેલ દ્વારા દર રવિવારે ફરારી ભંડાર નું આયોજન કરવામાં આવ્યું હતું.આ ફરારી ભંડારા નો લાભ હજારો સંખ્યા માં કાવરયાત્રી અને પદયાત્રીઓ લીધો હતો.અને સાથો-સાથ લોકડાયરા નું પણ આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં સુરત જિલ્લા સુપ્રસિદ્ધ લોક સાહિત્યકાર રાકેશ જોગી, લોક ગાયક વિમલ પટેલ,વોઈસ ઓફ ગુજરાત નાં એવોડ વિજેતા પિંકલ પટેલ,સીતાબેન પટેલ,સોનલ વેગડ સહિત નાં સાથી કલાકારો લોકડાયરા ની રમઝટ બોલાવી હતી. અને કાંઠા વિસ્તાર નાં સરપંચો,ડે.સરપંચો,સામાજિક આગેવાનો મળી ૩૦વધુ લોકો નું વિશિષ્ટ સન્માન પણ કરાયું હતું.અને આજુબાજુ ગામજનો દ્વારા સંજયભાઈ પટેલ ની કામગીરી બિરદાવી સ્મૃતિભેટ આપી સન્માનિત કરવા માં આવ્યા હતા.કાર્યક્રમ ને સફળ બનાવવામાં શ્રી સિધ્ધનાથ પેટ્રોલિયમ નાં માલિક સંજયભાઈ પટેલ તેમનાં પરિવારજનો'આજુબાજુ ગામ નાં લોકો પેટ્રોલિયમ સ્ટાફગણ લોક સાહિત્યકાર રાકેશભાઈ જોગી અને દીપકભાઈ પટેલ નો મહત્વ નો ફાળો રહિયો હતો. મનુભાઈ પટેલ ઉપપ્રમુખ સાયણ સુગર,હરીલાલ પટેલ સામાજિક અગ્રણી,જીગ્નેશભાઈ પટેલ આર.એસ. એસ નાં કાર્યક્રતા,જનકભાઈ પટેલ(કુવાદ),સરલાબેન પટેલ સરસ તાલુકા પંચાયત સદસ્ય સહિત આજુબાજુ ગામ નાં સરપંચો સ્થાનિક લોકોની હાજરી રહી હતી/

# વંદે ભારત એક્સપ્રેસને નવસારીનું સ્ટોપેજ મળતા કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલે ટ્રેનનું સ્વાગત કર્યું

## કેન્દ્રીય જળ શક્તિ મંત્રીશ્રી સી.આર. પાટીલ સહિત વિવિધ મહાનુભાવોએ ટ્રેનને ફ્લેગઓફ આપ્યો

નવસારી, તા.૨૫

મુંબઇ —અમદાવાદ વચ્ચે દોડતી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને નવસારી જિલ્લામાં સ્ટોપેજ મળતા નાગરિકોમા ઉત્સાહપહેલી વખત નવસારીથી વંદે ભારત ટ્રેનનો લાભ લેતા મુસાફરોને શુભકામનાઓ પાઠવી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ રેલવે ક્ષેત્રે સતત વિકાસ કાર્ય થઈ રહ્યા છે. જેના કારણે આજે રેલ્વેનો પ્રવાસ સૌથી સુખદ પ્રવાસ છે.- કેન્દ્રીય જળ શક્તિ મંત્રીશ્રી સી.આર. પાટીલ નવસારી રેલવે સ્ટેશનના ઈતિહાસમાં એક સુવર્ણ પળ સર્જાઈ છે. પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેન નં. ૨૦૯૦૨/૨૦૯૦૧ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને નવસારી સ્ટેશન પર નિયમિત સ્ટોપેજ મળતા સમગ્ર નવસારીવાસીઓમાં આનંદ ઉલ્લસની લાગણી જોવા મળી રહી છે. આ શુભ અવસર પર માનનીય કેન્દ્રીય જળ શક્તિ મંત્રીશ્રી સી.આર. પાટીલએ આજરોજ નવસારી સ્ટેશનએ પ્રથમ વખત ટ્રેન આવતા ટ્રેનને નારીયેળ કુમકુમથી વધાવી લીધી હતી. આજે પહેલી વખત નવસારીથી વંદે ભારત ટ્રેનનો લાભ લેતા મુસાફરોને શુભકામનાઓ પાઠવી હતી. સાથે સાથે ટ્રેનને ઉપાડવાનો સમય થતા કેન્દ્રીય મંત્રીશ્રીસી.આર. પાટીલ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પરેશભાઇ દેસાઇ, ધારાસભ્ય શ્રી રાકેશભાઈ દેસાઈ અને નરેશભાઇ, જિલ્લા કલેક્ટરશ્રી ક્ષિપ્રા આગ્રે સહિત વિવિધ મહાનુભાવોએ લીલી ઝંડી બતાવીને નવસારી જિલ્લાની સેવાનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે મહેમાનો દ્વારા લીલીઝંડી બતાવતા જ ઉપસ્થિત જાહેર જનતાએ તાળીઓના ગળગળાટથી આ ક્ષણને યાદગાર બનાવી હતી. પ્રાસંગિક ઉદ્બોધન કરતા કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલએ પોતાના ઉદ્દબોધનમાં કહ્યું કે — વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન જેવી અદ્યતન સુવિધાયુક્ત, ઝડપી અને આરામદાયક ટ્રેનનો સ્ટોપેજ હવે નવસારીને મળ્યો છે. જેથી નવસારી સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના લોકો માટે આજે આનંદનો દિવસ છે. નવસારી જિલ્લાના રુટને મળેલ ટ્રેનની વાત કરીએ તો ગાંધીનગર કેપિટલ, અમદાવાદ, આનંદ, વડોદરા, સુરત, નવસારી, વલસાડ, વાપી, બોરીવલ્લી અને અંતે મુંબઈ સેન્ટ્રલ ઉપર ટ્રેન ઉભી રહે છે.

### સાંધીએર
પેજ-૨ પાનાનું ચાલુ

વિસ્તારમાં કોઈ પણ ખેડૂતના ખેતરોમાંથી જઈ શકે એમ છે. સરકારની નીતિ ખેડૂત વિરોધી અને ઉદ્યોગોને લાભ કરનારી છે. જો ખેડૂત સંગઠિત ન થશે તો આવનાર દિવસોમાં ખૂબ કપરા આવવાના છે. ભૂતકાળમાં અમે સર, એક્સપ્રેસ હાઈવે આંદોલન જેવા અનેક આંદોલનો સરકાર સામે કર્યા છે. ફરી એક વખત સરકાર સામે બાંયો ચઢાવવાનો સમય પાકી ગયો છે. સરકારની નીતિ જોતા આવનાર દિવસોમાં ખેડૂતો ખેડૂત રહેવાના નથી.

આ પ્રસંગે ખેડૂત આગેવાન દર્શન નાયકે ખેડૂતોને આહવાન કરતા જણાવ્યું કે, તમારે જેને મત આપવો હોય એને આપો, જે વિચારધારામાં માનવું હોય માનો, પરંતુ જ્યારે ખેડૂતો પર આફત આવે છે ત્યારે સૌએ સાથે મળી લડત આપવી જોઈએ. ખેડૂતો એકલા નથી અમે સૌ એના સમર્થનમાં છીએ અને એના માટે જેલમાં જવું પડે તો પણ અમે તૈયાર છે. આ મિટિંગમાં પાવર ગ્રીડ કોર્પોરેશન લિમિટેડ દ્વારા ખોટી રીતે અને નીતિ નિયમો વિરુદ્ધ જઈ ખેડૂતો સાથે અન્યાય કરવામાં આવશે અને ખેડૂતોની માંગો સ્વીકારવામાં નહીં આવે તો આગામી દિવસોમાં આંદોલન કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આવનાર દિવસોમાં ખેડૂતોનું મોટું સંમલેન યોજવાનું નક્કી કરાયું છે. જે બાબતે આગામી તા.૩૧મીએ કામરેજ ખાતે બેઠક યોજી ચર્ચા-વિચારણા કરી રણનીતિ ઘડવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ મિટિંગમાં પર્યાવરણવાદી એમ.એચ.એસ.શેખે પણ ખેડૂતોને સંગઠિત થવાની અપીલ કરી હતી. આ પ્રસંગે સુરત જિલ્લામાંથી સુરેશ ચૌધરી, સુરેશ વસાવા, વિપુલ પટેલ, મનીષ વસાવા, ખેડૂત આગેવાન મકસુદ માંજરા સહિતના ખેડૂત આગેવાનો તેમજ ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### પરવત પાટિયા
પેજ-૨ પાનાનું ચાલુ

સિરોયા તથા ડૉ. બિપિનભાઈ સુકનંદીજીના કરકમળોથી કરવામાં આવ્યું. આ પ્રસંગે બ્રહ્માકુમારી ગીતા બહેન, બ્રહ્માકુમારી રિદ્ધિ બહેન, ડૉ. અર્જુન મહાજન, જ્ઞાનજ્યોત વિદ્યાલયના ટ્રસ્ટી શ્રી લાલજીભાઈ તથા જ્ઞાનોદય વિદ્યાલયના ટ્રસ્ટી શ્રી રાજુભાઈ સહિત અનેક પ્રતિષ્ઠિત સમાજસેવકો અને ગણમાન્ય નાગરિકોએ ઉપસ્થિતિ નોંધાવી.

કેમ્પમાં મોટી સંખ્યામાં યુવાઓ, સ્વયંસેવકો, સામાજિક કાર્યકરો અને સ્થાનિક નાગરિકોએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું. તમામે આ આયોજનને સમાજસેવા અને માનવતાપ્રત્યેના પોતાના દાયિત્વનું પ્રતિક ગણાવી સક્રિય ભાગ લીધો.

“રક્તદાન મહાદાન છે. દરેક સ્વસ્થ નાગરિકએ સમાજસેવા માટે રક્તદાન અવશ્ય કરવું જોઈએ. એક યુનિટ રક્ત કોઈ જરૂરિયાતમંદનું જીવન બચાવી શકે છે. આવા સેવા કાર્યો માત્ર જીવનદાન જ નહીં, પરંતુ સમાજમાં માનવ મૂલ્યોને મજબૂત કરે છે.”

બ્રહ્માકુમારી સંસ્થાની તરફથી જણાવાયું કે સમગ્ર ભારતમાં ચાલી રહેલા આ અભિયાનનો હેતુ માત્ર ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નામ નોંધાવવાનો નથી, પરંતુ સમાજમાં રક્તદાનની સંસ્કૃતિને વ્યાપક રીતે ફેલાવવાનો છે. પરવત પાટિયા સેન્ટરે સંકલ્પ લીધો છે કે સુરત શહેર રક્તદાન ક્ષેત્રે નવી ઓળખ બનાવશે અને યુવાશક્તિને સેવા કાર્યો સાથે જોડતું રહેશે.

આ રક્તદાન કેમ્પમાં માત્ર રક્ત એકત્ર કરાયું જ નહીં, પરંતુ હાજર નાગરિકોને રક્તદાનનું મહત્વ, આરોગ્યલાભ તથા નિયમિત સેવા કાર્યોની માહિતી પણ આપવામાં આવી. રક્તદાન કરનાર તમામ દાતાઓને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા.આ રક્તદાન કેમ્પ માનવ મૂલ્યોને પ્રોત્સાહિત કરવા, સમાજમાં એકતા અને સહકારની ભાવનાને મજબૂત કરવા તથા જરૂરિયાતમંદોના જીવનને બચાવવાનો એક સરાહનીય પ્રયાસ રહ્યો.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel “Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

# વિકસિત ભારત વિકસિત ગુજરાત

## શહેરી વિકાસ વર્ષ 2025ની ઉજવણીના ભાગરૂપે

માનનીય વડાપ્રધાન

# શ્રી નરેન્દ્ર મોદીના

વરદ્‌હસ્તે

## ₹5,477 કરોડના વિકાસલક્ષી વિવિધ પ્રકલ્પોનાં

**લોકાર્પણ અને ખાતમુહૂર્ત**

**25 ઑગસ્ટ 2025, સોમવાર | સાંજે 5:00 વાગે**

**સ્થળ: ખોડલધામ ગ્રાઉન્ડ, નિકોલ, અમદાવાદ**

| ગરિમામયી ઉપસ્થિતિ | અતિથિ વિશેષ | વિશેષ ઉપસ્થિતિ |
|---|---|---|
| **આચાર્ય દેવવ્રત** | **શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ** | **શ્રી સી. આર. પાટીલ** |
| માનનીય રાજ્યપાલશ્રી, ગુજરાત | માનનીય મુખ્યમંત્રી, ગુજરાત | માનનીય કેન્દ્રીય જલ શક્તિ મંત્રી, ભારત |



### કેન્દ્રીય રેલ મંત્રાલય હેઠળ રાજ્યમાં ₹1,404 કરોડની રેલવે સુવિધાઓ

- **મહેસાણા-પાલનપુર રેલખંડ ડબલિંગ**થી અમદાવાદ-દિલ્હી રૂટ પર ટ્રાફિક કંજેશન ઘટશે
- બ્રોડ ગેજમાં રૂપાંતરણથી **બેચરાજી-રણુજ** અને **કટોસણ રોડ-કડી-કલોલ** વિસ્તારના સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે અને **ઉત્તમ લોજિસ્ટિક સુવિધા** ઉપલબ્ધ થશે
- **કટોસણ-કડી-કલોલ**ના લોકોને સાબરમતી માટે સીધી ટ્રેન તથા **બેચરાજીથી રણુંજ** થઈને **ઉત્તર ભારત માટે પ્રથમ વખત ફ્રેટ ટ્રેન**ની સુવિધા

### શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ તેમજ મહેસૂલ વિભાગ હેઠળ, અમદાવાદ અને ગાંધીનગરને ₹2,644 કરોડની જનસુવિધાઓ

- **₹1,624 કરોડ**ના ખર્ચે સરદાર પટેલ **રિંગ રોડનું 6 લેન**માં વિસ્તૃતીકરણ
- હજારો પરિવારો માટે **આવાસ** અને **ઝૂંપડપટ્ટીઓ**નો **પુનર્વિકાસ**
- **નવી ડ્રેનેજ સિસ્ટમ, સિવરેજ નેટવર્ક અને જળ વિતરણ સ્ટેશન્સનું નિર્માણ**
- **લો-ગાર્ડન સહિત અનેક પ્રમુખ ક્ષેત્રોના બ્યુટિફિકેશન કાર્યોની શરૂઆત**
- **નવા રોડ અને ફ્લાયઓવર**થી મળશે ટ્રાફિકજામથી મુક્તિ
- **આધુનિક ડેટા સેન્ટર અને ટેક્નોલોજી હબનું નિર્માણ**

### ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હેઠળ ₹1,122 કરોડની જનસુવિધાઓ


- **ઉત્કૃષ્ટ વીજળી સપ્લાય** માટે વીજ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું આધુનિકીકરણ
- **66 kV ગોતા સબ-સ્ટેશન અને 66 kV ચાંદખેડા-2 સબ-સ્ટેશનનું નિર્માણ**

### માર્ગ અને મકાન વિભાગ હેઠળ ₹307 કરોડની જનસુવિધાઓ

- **વિરમગામ-અમદાવાદ રોડ અને કડી-થોળ-સાણંદ રોડના રીસરફેસિંગ અને રોડ ફર્નિશિંગનાં કાર્યો**
- **અમદાવાદ-મહેસાણા-પાલનપુર રોડ નિર્માણથી ઉદ્યોગો અને રોજગારને પ્રોત્સાહન**
- **બાપા સીતારામ જંકશનથી ગિફ્ટ સિટી રોડનું વિસ્તૃતીકરણ**

**“ ગુજરાતનો હંમેશાં સંકલ્પ રહ્યો છે, રાજ્યના વિકાસથી દેશનો વિકાસ, વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત ”**

— માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી





રોડ શો રૂટ ▶ હરીદર્શન ચાર રસ્તા ▶ રાજચંદ્ર સોસાયટી ચાર રસ્તા ▶ મેન્ગો પ્લસ સિનેમા ચાર રસ્તા ▶ ખોડલધામ નિકોલ કાર્યક્રમ સ્થળ